# એકમેકને ઓળખવાનો જ્ઞાતિ સેતુ

વર્ષ-૧ ● અંક-૫
મે-જુન – ૨૦૦૬

**તંત્રી**
હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
અતુલ સોની
કુ. એકતા કટ્ટા

**વ્યવસ્થાપક સમિતિ**
શૈલેષ કંસારા
પ્રશાંત બીજલાની
જયમીન જે. સોની
સૂર્યકાંત સોની
તુલસીદાસ કંસારા

**કાર્યાલય**
શ્રી હંસરાજ ઠાકરશી કંસારા
એ/૧/૧/૪, સમૃદ્ધિ ફ્લેટ્સ,
રામેશ્વરમ્ એપાર્ટમેન્ટ્સ,
રામદેવનગર, સેટેલાઇટ,
અમદાવાદ-૩૮૦ ૦૧૫.
ફોન : (૦૭૯) ૨૬૮૭૨૩૫૦

**મૂલ્ય : રૂા. ૨૦/-**
**વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-**

E-mail
gnatisetu@rediffmail.com

'જ્ઞાતિ સેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## પ્રમુખ સ્થાનેથી....

કચ્છી નવ વર્ષ - અષાઢી બીજના જ્ઞાતિ સેતુના સૌ વાંચકોને હાર્દિક અભિનંદન. કચ્છમાં અને કચ્છ બહાર વસતા આપણા સહુ જ્ઞાતિજનોને નવું વર્ષ યશસ્વી અને ફળદાયી રહે તેવી શુભકામના.

સમય સદા સરકતો રહે છે. આપણે તેને વર્ષ - મહિના કે દિવસમાં માપતા રહીએ છીએ. સમયની સાથે હંમેશા સમાજની ઉત્ક્રાંતિ થતી રહે છે. પ્રગતિશીલ સમાજ સમયના વહેણને પારખીને પરિવર્તન લાવતો રહે છે. સમાજ નાનો હોય કે મોટો, સમાજના આગેવાનો જો સમયસર યોગ્ય દિશાસૂચન અને સંચાલન કરે તો સામાજીક વિકાસ સહજ બની શકે.

છેલ્લા કેટલાક વર્ષોથી આપણા દેશની આર્થિક અને સામાજીક પરિસ્થિતિમાં ઝડપથી પરિવર્તનો આવી રહ્યાં છે. પરિવર્તનના આ યુગમાં પરસ્પર સહકાર અને સંગઠન સમાજના વિકાસ માટે અનિવાર્ય બની ગયા છે. આપણા સમાજની આર્થિક અને સામાજીક સ્થિતિ પણ પરિવર્તનના આ પ્રવાહથી પ્રભાવિત છે. પરિવર્તન પડકાર પણ લાવે અને ઉજ્જવળ ભવિષ્ય માટે તકનું નિર્માણ પણ કરે છે. સમાજના સર્વાંગી વિકાસ માટે ચોક્કસ આયોજન થાય તે માટે 'સહચિંતન'ની આવશ્યક્તા આપણી જ્ઞાતિએ અનુભવી.

'સહ ચિંતન'ના આયોજનનો આ પડકાર આપણી સાબરકાંઠા જ્ઞાતિના આગેવાનોએ સર્વપ્રથમ ઝીલ્યો. તેમણે સહ ચિંતન માટે શિબિરનું આયોજન કરવાનો આ વિચાર અમદાવાદ જ્ઞાતિમંડળ સમક્ષ વ્યક્ત કર્યો અને જ્ઞાતિ મંડળ તેમજ મુખપત્ર 'સેતુ'ના સહકારની અપેક્ષા વ્યક્ત કરી. સહ-ચિંતન માટે સાબરકાંઠા પ્રાયોજીત શિબિરનો આ ઉમદા વિચાર આરંભે શંકા આશંકાઓમાં અટવાઈ ન જાય તે શુભ હેતુથી અમદાવાદ જ્ઞાતિ મંડળે એ માટે સાબરકાંઠા જ્ઞાતિ મંડળને સંપૂર્ણ સહકાર આપવાનો નિર્ધાર કર્યો અને આ વિચારને વહેતો કરવાના એમના પ્રયત્નોમાં સક્રિય સાથ આપ્યો. સમસ્ત કચ્છના જ્ઞાતિ મંડળ વડવાઓએ પણ સમસ્ત કચ્છી મારૂ કંસારા સોની સમાજના 'ઐક્ય'ની આવશ્યક્તા અને સમાજોત્કર્ષના કાર્યો માટે 'સમન્વય' સ્થપાવામાં સંવાદની જરૂરત પર ભાર મૂક્યો અને એ વિચાર બીજની ફળશ્રુતિ એટલે, સાબરકાંઠા જ્ઞાતિ મંડળ દ્વારા આયોજીત સહ-ચિંતન શિબિર. અમને વિશ્વાસ છે કે ભારતભરની આપણી જ્ઞાતિના સમસ્ત પરિવારો પણ આ ઉમદા વિચારને ટેકો આપશે, સાથ આપશે અને એ રીતે વિકાસના કાર્યોમાં સમન્વય થતાં વેગ આવશે. સાબરકાંઠા જ્ઞાતિ મંડળને 'સેતુ' પરિવારના હાર્દિક અભિનંદન. સાથે સાથે કચ્છી મારૂ કંસારા સમાજના પરિવારોને કચ્છી નૂતન વર્ષ (અષાઢી બીજ)ની હાર્દિક શુભેચ્છાઓ.

'જ્ઞાતિ સેતુ' હવે દેશના સીમાડા વટાવી પરદેશ સુધી પહોંચેલ છે. આપણી જ્ઞાતિના મુખપત્રને સરકારશ્રી તરફથી રજીસ્ટ્રેશન નંબર મળી ગયેલ છે. હવે જ્યાં જ્યાં જ્ઞાતિ પરિવાર હશે ત્યાં ત્યાં સેતુ તેમના દ્વારે વધારે ઝડપથી પહોંચી શકશે.

**અતુલ સોની**
**માનદ્ મંત્રી**

**મનુભાઈ કોટડીયા**
**પ્રમુખ**

# SETU # 2ND PROOF # 30

# કચ્છી મારૂ કંસારા સોની સમાજ સમન્વિત વિકાસ હેતુ સંગઠિત પ્રયાસ

## ચિંતન શિબિર

સમસ્ત કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ અર્વાચીન સમયની માંગ મુજબ જ્ઞાતિના સર્વાંગી વિકાસ માટે કટીબધ્ધ થયેલ છે. જ્ઞાતિએ સામાજીક, શૈક્ષણિક, આર્થિક વિગેરે પ્રશ્નો પર સહિયારા ચિંતન કરવાની અને વિકાસને રસ્તે આવતી અડચણોને સહિયારા પ્રયાસોથી દૂર કરવા નિર્ણય કરેલ છે.

છેલ્લા બે-ત્રણ વર્ષથી કચ્છ અને કચ્છ બહાર યોજાતા જ્ઞાતિના વિવિધ કાર્યક્રમો દરમિયાન જ્ઞાતિ હિતમાં સૌ સાથે મળી કંઈક વિચારવું જોઈએ તેવી લાગણી સતત રજૂ થતી રહી છે. ભુજ, અંજાર, નખત્રાણા, અમદાવાદ, ગાંધીધામ, સાબરકાંઠા, માંડવી, મુંબઈ, પશ્ચિમ કચ્છના જ્ઞાતિ આગેવાનોની અનૌપચારીક બેઠકોમાં આ અંગે એક સેમિનાર યોજવા વિચારણા થતી રહી છે.

સાબરકાંઠા જ્ઞાતિના સૌજન્યથી ખેડબ્રહ્મા (જી. સાબરકાંઠા) મુકામે અંબાજી માતાજીના સાનિધ્યમાં જ્ઞાતિ આગેવાનોની એક ચિંતન શિબિર આગામી જુલાઈ માસની ૨૨ અને ૨૩મી તારીખે યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ સંસ્થાના આગેવાનો અને કાર્યકરો આ ચિંતન શિબિરને ભવ્ય સફળતા અપાવવા ઉમંગભેર આયોજન કરી રહ્યા છે. આ માટે શ્રી સોની જેઠાલાલ જીવરામ (તલોદ)ના કન્વીનરપદે સમિતિની રચના કરવામાં આવેલ છે.

કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિના વિવિધ મંડળોના સૌ આગેવાનો, દાતાઓ, હોદ્દેદારો, કારોબારી સભ્યો તથા જ્ઞાતિ હિત માટે સદા કાર્યશીલ કાર્યકરો એક મંચ પર આવી વિચારોની આપ-લે કરે અને આગામી સમય માટે સમગ્ર જ્ઞાતિ વિકાસ માટે રૂપરેખા તૈયાર કરે એવો આ ચિંતન શિબિરનો શુભ હેતુ છે.

આ ચિંતન શિબિરમાં શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે જ્ઞાતિની સમસ્યાઓનું અવલોકન કરી તેના ઉકેલ માટે વિચારણા કરવામાં આવશે. આ ઉપરાંત હાલના સામાજીક રીતરિવાજો તથા સમૂહ લગ્નના આયોજનો સહિત વિવિધ સામાજીક મુદ્દાઓ ઉપર પણ સહ ચિંતન કરવામાં આવશે.

સમગ્ર કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળોના કાર્યોનું સંકલન થાય અને સૌ સાથે મળી મોટા પાયા પર વિકાસના કાર્યો કરી શકે તે માટે એક સમન્વિત સંસ્થાનું ગઠન થાય તેવી લાગણી અનેક વખત વ્યક્ત થઈ રહેલ છે. આ ચિંતન શિબિરમાં આવી રચના વિશે વિચારણા થાય તેવી આશા છે. આ વિષયે - સર્વ જ્ઞાતિના આગેવાનો એમના વિચારો વ્યક્ત કરશે. સાથે સાથે - પ્રાયોજીત 'સમન્વય' સંસ્થાનો ઢાંચો, કાર્ય-પધ્ધતિ, જ્ઞાતિ વિકાસનાં - વ્યાપક હિતનાં કાર્યો અને એ માટે આવશ્યક ખર્ચ વિગેરે બાબતો પણ મુક્તમને અવશ્ય ચર્ચાશે અને આમ એક ઉમદા વિચાર - વ્યાપક થશે.

અંબાજી માતાજીના સાન્નિધ્યમાં બે દિવસ માટે સૌ જ્ઞાતિ આગેવાનો મુક્તમને ચર્ચા વિચારણા કરે તેવું આયોજન કરવામાં આવેલ છે. સાબરકાંઠા જ્ઞાતિએ કચ્છ અને કચ્છ બહાર દેશના વિવિધ શહેરોમાંથી પધારનાર મહાનુભાવો માટે ખેડબ્રહ્મા મુકામે રોકાણ અંગે ખાસ વ્યવસ્થા ગોઠવેલ છે. કચ્છ અને કચ્છ બહારના તમામ જ્ઞાતિ આગેવાનોએ ચિંતન શિબિર યોજવાના વિચારને હર્ષભેર વધાવી લીધેલ છે. આ અંગે સર્વત્ર ભારે ઉત્સાહ જોવા મળેલ છે. ભુજ, નખત્રાણા, માંડવી, અજાર, પશ્ચિમ કચ્છ, રાયપુર, મુંબઈ વિ. શહેરોની જ્ઞાતિ સંસ્થા પ્રમુખો અને હોદ્દેદારોએ આ શિબિરના આયોજનને આવકારેલ છે અને આ ભગીરથ કાર્ય માટે પ્રોત્સાહન આપેલ છે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જ્ઞાતિ આગેવાનો હાજર રહેશે તેવી ખાત્રી મળેલ છે, જે ખૂબ આનંદની વાત છે.

*અતુલ સોની*
*માનદ્ મંત્રી, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ – અમદાવાદ*

## તંત્રી સ્થાનેથી....

કચ્છી મારૂ કંસારા સોની સમાજના વિભિન્ન સ્થળોના જ્ઞાતિ મંડળો સમન્વિત વિકાસ માટે સાથે મળી કામ કરવા તત્પર હોવાના એંધાણ હવે સ્પષ્ટ નજરે ચડે છે. ભુજ જ્ઞાતિ આયોજીત મૂર્તિ પ્રતિષ્ઠાન મહોત્સવ, ગાંધીધામ જ્ઞાતિ ઉત્કર્ષ મંડળ આયોજીત સમસ્ત જ્ઞાતિ મંડળોનું સ્નેહમિલન અને હવે સાબરકાંઠા પ્રાયોજીત ચિંતન શિબિર વિવિધ સ્થળોના જ્ઞાતિ મંડળના વડવાઓના આવા પ્રયાસો પ્રત્યેનો અભિગમ હકારાત્મક છે.

વિશ્વ હવે નાનું થતું જાય છે. લોકોને દ્દષ્ટિકોણ વૈશ્વિક થતો જાય છે. ત્યારે વૈશ્વિક વિચારોને અનુરૂપ સ્થાનિક કાર્યોનું મહત્ત્વ અનેકગણું વધી જાય છે. ભુજ જ્ઞાતિના શિક્ષણ ક્ષેત્રે પ્રગતિશીલ પ્રયાસો, ગાંધીધામ ઉત્કર્ષ મંડળનું મેડિકલ ટ્રસ્ટ, અમદાવાદ જ્ઞાતિ મંડળની મહત્વકાંક્ષી મેડિકલ હેલ્પ લાઈન વિગેરેનો વ્યાપ સમન્વીત દ્દષ્ટિકોણથી વિસ્તૃત થઈ શકે છે.

તદુપરાંત બદલાતા સંયોગોમાં આપણા પરંપરાગત ગૃહ ઉદ્યોગો (કચ્છ વર્ક, મીના કામ વગેરે)ના વિકાસ માટે પણ સમન્વિત વિચાર આવશ્યક છે. આશા છે, ખેડબ્રહ્મા ચિંતન શિબિરમાં આ અને બીજા સમસ્ત સમુદાયને સ્પર્શતા પ્રશ્નો પર વિચાર વિનિમય થશે. અસ્તુ.

*હંસરાજ કંસારા*

# અમદાવાદ જ્ઞાતિની પ્રવૃત્તિઓ

## મેડિકલ હેલ્પ લાઈન

અમદાવાદ ખાતે સારવાર માટે આવતા આપણી જ્ઞાતિના દર્દીઓ માટે જ્ઞાતિની મેડિકલ હેલ્પ-લાઈન ઉપયોગી થઈ રહેલ છે. ગત માસ દરમિયાન અકસ્માતમાં ઘાયલ થયેલ જ્ઞાતિજન અંજારથી અમદાવાદ સારવાર અર્થે આવેલ તેમજ હાલમાં અમદાવાદની સિવિલ હોસ્પિટલના કેન્સર વિભાગમાં ભુજના એક જ્ઞાતિજન સારવીર લઈ રહેલ છે. અમદાવાદ જ્ઞાતિની મેડિકલ હેલ્પ લાઈન ટીમ શક્ય તમામ રીતે મદદરૂપ થઈ રહેલ છે. વિશેષમાં અમદાવાદની સિવિલ હોસ્પિટલના એમ.પી. શાહ કેન્સર વિભાગમાં આપણી જ્ઞાતિના એક બહેન સુશ્રી જ્યોતિબેન ફરજ બજાવી રહેલ છે. સિવિલમાં સારવાર માટે આવતા જ્ઞાતિના દર્દીઓને માર્ગદર્શન અને મદદ માટે જ્ઞાતિના સેવાવી જ્યોતિબેન સદા તત્પર રહે છે. જ્યોતિબેન હાલમાં નડિયાદ પાસેના ઉત્તરસંડા ગામમાં રહે છે. તેઓ કચ્છના તેરા ગામના વતની છે. જ્યોતિબેનનો સંપર્ક નંબર ૯૮૯૮૧ ૩૩૪૫૯ છે.

## વિદ્યાર્થીઓ માટે મફત નોટબુક વિતરણ

અમદાવાદ જ્ઞાતિના તમામ વિદ્યાર્થીઓને જ્ઞાતિ સંસ્થા તરફથી ફ્રી નોટબુકનું વિતરણ કરવામાં આવેલ છે. નોટબુક માટે સ્વ. શશીકાંત કેશવજી બુધ્ધભટ્ટી પરિવાર, સ્વ. શામજીભાઈ વેલજીભાઈ પોમલ પરિવાર, ગં.સ્વ. વનીતાબેન ભગતભાઈ મૈચા પરિવાર તથા શ્રી ગીરીશભાઈ કાંતિલાલ બારમેડા તરફથી આર્થિક સહયોગ મળેલ છે.

## જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન

અમદાવાદ જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન આગામી દિવાળી બાદ યોજાનાર સ્નેહ મિલન કાર્યક્રમ દરમિયાન કરવાનું જ્ઞાતિ કારોબારી સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ છે.

## અમદાવાદ જ્ઞાતિ દ્વારા શ્રી ભરતભાઈ બગ્ગાનું સન્માન

આપણી નખત્રાણા જ્ઞાતિના અગ્રણી તથા કચ્છ જીલ્લા ભાજપના મહામંત્રી શ્રી ભરતભાઈ બગ્ગાની તાજેતરની અમદાવાદ મુલાકાત દરમ્યાન અમદાવાદ જ્ઞાતિ તરફથી તેમનું હાર્દિક સન્માન કરવામાં આવેલ છે.

શ્રી ભરતભાઈ બગ્ગાએ અમદાવાદ જ્ઞાતિ દ્વારા સંચાલિત વિવિધ પ્રવૃત્તિઓમાં રસ દાખવેલ. અમદાવાદમાં મેડિકલ હેલ્પ-લાઈનની સેવા પ્રવૃત્તિ ચાલે છે, તેની તેમણે પ્રસંશા કરેલ છે. સેવા ક્ષેત્રે તેમને સંપૂર્ણ સહકારની ખાત્રી આપેલ છે.

## સાબરકાંઠા તથા અમદાવાદના જ્ઞાતિ આગેવાનોનો કચ્છ પ્રવાસ

કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિના વિકાસ માટે સહ વિચારણા કરવા ખેડબ્રહ્મા મુકામે ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. તે સંદર્ભમાં અમદાવાદ તથા સાબરકાંઠાના આગેવાનોના એક પ્રતિનિધિ મંડળે કચ્છ પ્રવાસ કરેલ. શ્રી મનુભાઈ કોટડીયા (અમદાવાદ), શ્રી પ્રેમજીભાઈ સોની (વડાલી), શ્રી જેઠાલાલ જીવરામ (તલોદ), શ્રી હસમુખભાઈ લાલજીભાઈ (વડાલી), શ્રી પ્રશાંત બીજલાની (અમદાવાદ)એ પ્રવાસ દરમ્યાન કચ્છના ભુજ, અંજાર, નખત્રાણા, માંડવી, કોઠારા, ગાંધીધામ, નેત્રા, રવાપુર ઉપરાંત બીજા કેટલાક ગામોની મુલાકાત લઈ ત્યાંના જ્ઞાતિ આગેવાનોને ચિંતન શિબિર માટે આમંત્રણ આપેલ છે.

આ પ્રતિનિધિ મંડળનો કચ્છ પ્રવાસ ખૂબ સફળ રહ્યો. સર્વત્ર પ્રેમ અને ઉમંગભેર આવકાર આપેલ છે. ચિંતન શિબિરનું આયોજન કરવા બદલ સૌએ ખાસ અભિનંદન આપ્યા અને સંપૂર્ણ સહકારની ખાત્રી આપેલ છે.

## મેડિકલ રાહત ફંડ

શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અમદાવાદ પ્રાયોજીત 'મેડિકલ રાહત ફંડ' માટે દાન પ્રવાહ અસ્ખલિત રાખવા બદલ દાતાશ્રીઓનો આભાર.

***સાભાર સ્વીકાર***

રૂા. ૫,૦૦૧/- સ્વ. લખમશી પદમશી સોની પરિવાર (મનફરાવાલા) અંજાર. હસ્તે શ્રી સુરેશભાઈ પરશોત્તમ ભીમશી તરફથી.

## સાભાર સ્વીકાર

રૂા. ૫૦૧/- **શ્રી હર્ષદભાઈ રમેશભાઈ પોમલ** (અમદાવાદના) ઘેર પુત્ર જન્મ પ્રસંગે 'જ્ઞાતિ સેતુ'ને સપ્રેમ ભેટ.

## અભિનંદન

અમદાવાદ જ્ઞાતિ પ્રમુખ શ્રી મનુભાઈ કોટડીયાની શ્રી કચ્છી સમાજ - અમદાવાદમાં ખજાનચી તરીકે વરણી થયેલ છે તે બદલ સમગ્ર જ્ઞાતિ ગૌરવ અનુભવે છે તથા તેમને હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

# SETU # 2ND PROOF # 30

# સૃષ્ટી સજે શણગાર અષાઢી બીજથી....

**કુ. એકતા કટ્ટા - અંજાર**

વૈશાખ - જેઠનાં લગ્નસરાના મહિનાઓમાં માનવ મહેરામણ પોતાને શણગારવા ને પોતાના જીવનને શણગારવા નવયુગલોનાં ઉત્સાહથી જાણે નિસર્ગમાં પણ એક ઉત્સાહી ગરમી પ્રવર્તે છે. તેના પરીપાકરૂપે અષાઢનું આગમન વર્ષા લાવે છે, ભીની ધરતી પર હરિયાળી થાય છે, હૈયે ને આંખે ટાઢક વળે તેવું આ સૃષ્ટી શણગાર સર્જે છે.

કચ્છ જેવા સૂકા ભઠ્ઠ વિસ્તારમાં કાળા ઠગ જેવા વાદળો ઉભરાય છે અને વા વંટોળ આવી વાદળોને વરસ્યા વગર જ દૂર-દૂર ખસેડી દે છે. એક બાજુ બળબળતો અફાટ રણ અને બીજી બાજુ ઘૂઘવતો ખારો દરીયો ને વળી દૂધાળા પશુ! ને ખેતી પાકના આધારે જીવન નૈયા ચલાવતી કચ્છની માલધારી વસ્તી. આ વણ વરસ્યા વાદળોને થંભાવવા, ચોમાસાના શુકનવંતા બેસણા માટે ઈશ્વરને આજીજી કરતી હોય ત્યારે ગગને કૈંક ચમકારા કરતી વીજળી, કૈંક ગર્જના કરતાં વાદળો, ધીમી ધારે વરસે તો કોઈ નવોઢા જાણે પોતાના ઘર-સંસાર વસાવવા તત્પર બની હોય તેવો આભાસ થાય.

હા! આ સૃષ્ટી નવોઢાની તત્પરતા માનવ મહેરામણની જીવાદોરી છે. લીલા ચારા, ઘાસ માટે તરફડતાં પશુઓ, પશુઓના આધારે પેટીયું રળતા માલધારીઓ, અનેકવિધ પાકો લઈ માણસને પોષતા ને જીવનનિર્વાહ કરતાં કચ્છી ખેડૂતો માટે આ અષાઢ અને તેમાંય તેનો બીજનો ચંદ્ર શુકનનો દ્યોતક છે. જેમ કોઈ નવોઢા પોતાના કુટુંબને સંભાળવા ઘુંઘટની સોડ ઊંચી કરી મુક્ત મને વિહરે તેમ અષાઢી બીજનાં વાદળોની ગર્જના ને વીજળીના ચમકારા ચોમાસાના દ્વાર ઉઘાડે છે ને સૃષ્ટીનું ચક્ર સુગતિ પકડી લે છે. આખું વરસ સમૃધ્ધિ, શાંતિથી ભર્યું ભર્યું રહેશે તેવા એંધાણ થાય છે. કચ્છમાં ઘરેઘરે મેઘલાડુ પીરસાય છે. દેવોને નૈવેદ્ય ધરાવાય છે. આખાયે વરસની બરકત જેના આધારે છે તેવા ચોમાસાના શુકનને કચ્છી માડુ, કચ્છી વરસનો પ્રારંભ કરી હોંશભેર વધાવે છે. આવી અષાઢી બીજે કોઈ કચ્છી નારી કદાચ આવું જ વિચારતી હશે :

*સજ્યો શણગાર સૃષ્ટીએ અષાઢી બીજથી રે લોલ,*
*મારે મન મહા અણમૂલી, અષાઢી બીજ છે રે લોલ.*
*જાશે ભાનુ તણાં ક્રોધ મર્યાદિત અષાઢી બીજથી રે લોલ,*
*અમી ભરેલ કાળા વાદળોની જનની અષાઢી બીજ છે રે લોલ*
*હું તો નિરખું છું સૃષ્ટી નવોઢા સમ અષાઢી બીજથી રે લોલ,*
*નીર નીતરતાં મેહુલાનાં દ્વાર અષાઢી બીજ છે રે લોલ.*
*સૂકી ધરણીનું રાંકપણું જાશે અષાઢી બીજથી રે લોલ,*
*તેનાં 'મેઘપિયું'નાં પગરવ અષાઢી બીજ છે રે લોલ.*
*થાશે ચિંતા સઘળી દૂર અષાઢી બીજથી રે લોલ,*
*સુખ-સમૃધ્ધિનાં શુકન અમારે અષાઢી બીજ છે રે લોલ.*
*મીઠી ઝરમરે વરસે મેહુલો અષાઢી બીજથી રે લોલ,*
*ચોમાસાની ગાજવીજ અષાઢી બીજ છે રે લોલ.*
*થાશે પ્રારંભ કચ્છ સૃષ્ટી ચક્રતણું અષાઢી બીજથી રે લોલ,*
*'કચ્છી માડુ'નો નૂતન વર્ષ અષાઢી બીજ છે રે લોલ.*

## સુભાષિત ચિંતન

*"विद्या विद्यादाय, धनं मदाय, शक्ति परेशानं परपीड़नाय खलस्य ।*
*साधु विपरीत मेतत ज्ञानाय, दानाय च रक्षणाय ॥*

ઈશ્વરે માણસમાત્રને વિદ્યા, ધન અને શક્તિની બક્ષીસ ઓછી વધુ માત્રામાં આપી જ છે. ત્યારે તે વિદ્યા, ધન અને શક્તિનો ઉપયોગ કેટલો, કેવો અને ક્યારે કરે છે તે ચિંતન યોગ્ય છે.

માણસમાત્ર આ બક્ષીસના ઉપયોગના આધારે માણસમાંથી દેવ સરીખું અને દાનવ સરીખું બને છે. ઉપરોક્ત સુભાષિતના આધારે જે માણસ પોતાની વિદ્યાનો ઉપયોગ તર્ક-વિતર્ક કરી ખોટા વિવાદોમાં વેડફે, પોતાના ધનનો ઉપયોગ અહંકારને પોષવા તથા અન્યથી પોતે વધુ શ્રેષ્ઠ છે તે દેખાડવા કરે અને પોતાની શારીરિક શક્તિનો ઉપયોગ અન્યને ભયભીત કરવા કરે છે તે દાનવ સરીખો છે.

તેનાથી વિપરીત જે માણસ પોતાની વિદ્યાનો ઉપયોગ જ્ઞાનના વિસ્તાર માટે, ધનનો ઉપયોગ નિર્ધનને મદદ માટે અને શારીરિક શક્તિનો ઉપયોગ અન્યના રક્ષણ માટે કરે છે તે દેવ સરીખો છે.

ઈશ્વરે બક્ષેલ આ ત્રણેય બક્ષીસોનો ઉપયોગ 'હું કેમ કરૂં છું?' તે વિચાર આપણા માનસનો અરીસો બની શકે છે.

અંજાર જ્ઞાતિ માજીપ્રમુખ શ્રી શામજીભાઈ ગાંગજીભાઈ મૈચાએ સમજાવેલ સુભાષિતના આધારે.

**કુ. એકતા કટ્ટા - અંજાર**

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ

## નવી કારોબારી સમિતિનું ગઠન

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિની તાજેતરમાં જનરલ સભા યોજાયેલ હતી. તેમાં સર્વાનુમતે પ્રમુખ તરીકે શ્રી અમૃતલાલભાઈ જેઠાલાલ સોલંકીની વરણી કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રમુખશ્રીના અધ્યક્ષસ્થાને નીચે મુજબની કારોબારી સમિતિની નિમણુંક કરવામાં આવી હતી.

- શ્રી કિશોરકુમાર જટુભાઈ ચનાણી - ઉપપ્રમુખ
- દિલીપભાઈ કાનજી બગ્ગા - મંત્રી
- નીતિન અમૃતલાલ હેડાઉ - સહમંત્રી
- જેંતીભાઈ એમ. મૈચા - સહમંત્રી
- શ્રી પ્રાણલાલ મનજી બુધ્ધભટ્ટી - ખજાનચી
- આત્મરામભાઈ ઉ. બુધ્ધભટ્ટી - સહ ખજાનચી

વિવિધ સમિતિઓની નીચે મુજબ વરણી કરવામાં આવી હતી.

**૧. ધાર્મિક સમિતિ :**
- હર્ષદ ધનજી બુધ્ધભટ્ટી
- એચ. કે. મૈચા
- મુકેશ એલ. બારમેડા,

**૨. સાંસ્કૃતિક - શૈક્ષણિક સમિતિ**
- ચેતન આઈ. બારમેડા
- ભરત એમ. વૈષ્ણવ

**૩. મેડિકલ સમિતિ :**
- અનિલ કે. છત્રાળા
- એન. એ. હેડાઉ
- રાજુભાઈ વિશનજી બુધ્ધભટ્ટી,

**૪. વહીવટી સમિતિ :**
- પ્રાણલાલ મનજી બુધ્ધભટ્ટી
- આત્મારામભાઈ કે. બુધ્ધભટ્ટી

**૫. વિવાદ નિવારણ સમિતિ :**
- અમૃતલાલ જે. સોલંકી
- કિશોર જટુભાઈ ચનાણી
- દિલીપ કાનજી બગ્ગા.

**૬. પ્રેસ મીડિયા સમિતિ**
- ચેતન ઈશ્વરલાલ બારમેડા
- હર્ષદ ધનજી બુધ્ધભટ્ટી.

***એ. જે. સોલંકી, પ્રમુખ - શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ, ભુજ***

## કારકીર્દિ માર્ગદર્શન

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - ભુજ દ્વારા જ્ઞાતિના યુવા વર્ગ માટે કારકીર્દિ માર્ગદર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેનો લાભ લેવા જ્ઞાતિના વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.



આ પ્રોગ્રામનું દીપ પ્રાગટ્ય જ્ઞાતિના પ્રમુખ શ્રી અમૃતલાલભાઈ જે. સોલંકી તેમજ કાયમી શૈક્ષણિક ફંડના ચેરમેન શ્રી ચંદુભાઈ જે. ચનાણીના હસ્તે કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ આવેલા પ્રોફેસરોનું સ્વાગત સૌપ્રથમ કુંદનપુરા સાહેબનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત એ. જે. સોલંકીના હસ્તે, પ્રો. કમલેશભાઈ બુધ્ધભટ્ટીનું ઉપપ્રમુખ શ્રી કિશોરભાઈ જે. ચનાણીના હસ્તે, કમલેશભાઈ બિજલાણીનું સ્વાગત ચંદુભાઈ જે. ચનાણીના હસ્તે તેમજ મહેન્દ્રભાઈ પોમલનું સ્વાગત મંત્રી શ્રી દિલીપભાઈ કે. બગ્ગાના હસ્તે કરવામાં આવ્યું હતું. પ્રો. કુંદનપુરા સાહેબના માર્ગદર્શનમાં B.C.A., B.B.A.ની નવી કોલેજની માહિતી તેમજ B.Com પછી B.Ed. થવાય છે તેવી વિવિધસભર માહિતી આપી હતી. તેમજ પ્રો. કમલેશભાઈ બુધ્ધભટ્ટીએ હંમેશા વિનર કેવી રીતે બનવું તેની માહિતી આપી હતી. કમલેશભાઈ બિજલાણીએ પ્રથમ ગ્રેજ્યુએટ લેવલે એક્ઝામ પાસ કરવી, પછી સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવી જોઈએ તેમ જણાવેલ. મહેન્દ્રભાઈ પોમલે I.T.I.માં ચાલતા વિવિધ કોર્ષની માહિતી આપી હતી. વિવિધ સ્કોલરશીપની માહિતી ભરતભાઈ ચૌહાણે આપી હતી.

આ સમગ્ર કાર્યક્રમ પૂર્ણ થયા બાદ નીતિનભાઈ હેડાઉ, ચંદુભાઈ ચનાણી, સુનીલભાઈ કંસારા, અમૃતલાલભાઈ સોલંકીના હસ્તે તમામ પ્રોફેસરોને મોમેન્ટો આપવામાં આવ્યા હતા. આ પ્રોગ્રામને સફળ બનાવવા મુળજીભાઈ કટ્ટા, જે. એમ. મૈચા, હર્ષદભાઈ બુધ્ધભટ્ટી, પ્રાણલાલભાઈ બુધ્ધભટ્ટ૭છી, એમ. એલ. બારમેડા, સી. એસ. બુધ્ધભટ્ટી, એચ. કે. મૈચા, એ. કે. છત્રાળા, બી. એસ. બુધ્ધભટ્ટી, પી. જે. બીજલાણી તેમજ કે. ડી. ચૌહાણ, આર. વી. બુધ્ધભટ્ટી વગેરેએ સહયોગ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચેતન ઈશ્વરલાલ બારમેડાએ અને આભારવિધિ મંત્રી શ્રી દિલીપભાઈ બગ્ગાએ કરેલ હતી.

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - અંજાર

## સમૂહ લગ્ન - ૨૦૦૬

તા. ૧૪-૫-૨૦૦૬ના રોજ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા સમૂહ લગ્નનું આયોજન રામકૃષ્ણ મહાવીરનગર સોસાયટી મધ્યે આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં જ્ઞાતિનાં ૪ યુગલોએ પ્રભુતામાં પગલા માંડ્યા હતા.



સમૂહ લગ્ન સમારોહના પ્રમુખ (અધ્યક્ષ) શ્રી સોની શામજીભાઈ ગાંગજીભાઈ મૈચાએ દીપ પ્રાગટ્ય કરી સમારોહને ખુલ્લો મૂક્યો હતો. સમારોહના મુખ્ય અતિથિનું પદ ભુજના અગ્રણી શ્રી સોની રસીકભાઈ ઝવેરીલાલ અને નખત્રાણાના શ્રી ભરતભાઈ બેચરદાસભાઈ સોનીએ શોભાવ્યું હતું. જ્ઞાતિના ગોર શ્રી પૂ. કનકચંદ્ર છગનલાલ વ્યાસ તથા તેઓના સુપુત્ર ચિ. દેવેન્દ્ર કનકચંદ્ર વ્યાસે શાસ્ત્રોક્ત વિધિથી ચાર યુગલોને પ્રભુતામાં પગલા મંડાવ્યા હતા.

સમૂહ લગ્નનું આયોજનમાં જ્ઞાતિના કારોબારી સભ્યો, સલાહકાર સમિતિ, યુવક મંડળના સભ્યોએ ખૂબજ જહેમત ઉઠાવી હતી. આ સમૂહ લગ્ન, સમૂહ લગ્ન ન રહેતાં એક મહોત્સવ જેવું સુંદર વાતાવરણ ઊભું થયું હતું અને આ મહોત્સવનો જ્ઞાતિના ૨૫૦૦ જ્ઞાતિજનોએ લાભ લીધો હતો અને સમૂહ પ્રસાદનો લાભ લીધો હતો.



આ પ્રસંગે ભુજ જ્ઞાતિનાં પ્રમુખ શ્રી અમૃતલાલ જેઠાલાલ, માંડવીના પ્રમુખ શ્રી વિનોદભાઈ વલ્લભભાઈ સોની, શ્રી સુરેશભાઈ દેવશીભાઈ, અમદાવાદ જ્ઞાતિના માનદ્ મંત્રી શ્રી અતુલભાઈ શંકરલાલ સોની, સહમંત્રી શ્રી શૈલેષભાઈ કંસારા હાજર રહ્યા હતા.

ત્યારબાદ સત્કાર સમારંભમાં ચાર યુગલોને સત્કાર સાથે જ્ઞાતિના વિવિધ અગ્રણીઓએ લગ્ન જીવનની શરૂઆત કરતાં ચાર યુગલોને શુભ આશિષ આપ્યા હતા. ત્યારબાદ નખત્રાણાના શ્રી ભરતભાઈ બેચરદાસ સોનીનું ભા.જ.પ. (કચ્છ) જીલ્લાના મહામંત્રી તરીકે વરણી થતાં તેમનું જ્ઞાતિ પ્રમુખ શિવલાલભાઈ મૈચા દ્વારા કચ્છી પાઘડી પહેરાવીને સન્માન કરવામાં આવ્યું હતું. તેના પ્રત્યુત્તરરૂપે શ્રી ભરતભાઈએ જણાવ્યું હતું કે અંજાર શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા પાઘડી પહેરાવીને મને ઋણી બનાવ્યો છે. જ્ઞાતિના કામકાજ માટે હંમેશા તત્પર રહીશ તેવું તેમણે જણાવ્યું હતું અને સમાજના યુવાનોને અપીલ કરી હતી કે આપણા વડીલોએ અપનાવેલ સોના-ચાંદી તથા વાસણના વેપારમાં હંમેશા અગ્રેસર રહેતાં યુવાનોએ રાજકારણમાં આગળ આવીને જ્ઞાતિની સેવા બહુ જ સારી રીતે કરી શકાય છે તેવી સમજણ આપી હતી.

ભુજના શ્રી રસીકભાઈએ મંતવ્ય આપતાં જણાવ્યું હતું કે સમૂહ લગ્નમાં કન્યા પક્ષે લેવાતું અનુદાન ન લેવું જોઈએ. તેનો પ્રત્યુત્તર આપતા અંજારના શ્રી હરીલાલભાઈ લખમશીભાઈએ આવતા વર્ષે અંજાર સમૂહ લગ્નમાં કન્યા પક્ષે લેવાતું અનુદાન શ્રી હરીલાલભાઈ પરિવાર તરફથી રહેશે તેવું જણાવ્યું હતું અને જ્ઞાતિના પ્રમુખ શીવુભાઈ મેવચા તથા ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ કંસારા અને શશીકાંતભાઈ બારમેડાએ કન્યા પક્ષે લેવાતું અનુદાન કાયમી ધોરણે જ્ઞાતિ તરફથી રહેશે તેવું જણાવ્યું હતું.

અમદાવાદ જ્ઞાતિના મંત્રીશ્રી અતુલભાઈ સોનીએ તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે સમૂહ લગ્નમાં જોડાવાથી લગ્ન જો અલગ કરવામાં આવે તો તેની પાછળ ઘણી જ મહેનત માંગી લે છે, તે તમામ મહેનત સમૂહ લગ્નના આયોજકો ઉપર આવે છે. તે તમામ જવાબદારીમાં રાહત થાય છે, ઉપરાંત ખર્ચમાં બહુ જ રાહત થાય છે અને સમૂહ લગ્નમાં જોડાવાથી વ્યવહારીક ચૂકનો પ્રશ્ન જ નથી આવતો. તેથી તમામ સગાસંબંધીને મનદુઃખ નથી રહેતું તેવું જણાવ્યું હતું. આ તમામ ફાયદા સમૂહ લગ્નમાં જોડાવાથી થાય છે તેવું જણાવ્યું હતું.

ભુજ જ્ઞાતિના પ્રમુખ શ્રી અમૃતલાલભાઈએ જણાવ્યું હતું કે સમૂહ લગ્નનું સફળ આયોજન એ જ્ઞાતિના લાણેદારો અને જ્ઞાતિના હોદ્દેદારોના સંયુક્ત પ્રયાસથી થઈ શકે.

અંજાર જ્ઞાતિના પ્રમુખ શ્રી શીવુભાઈ મેવચાએ તેમના

વક્તવ્યમાં જણાવ્યું હતું કે આપણે જે મારૂ કંસારા સોની જ્ઞાતિમાં જન્મ લીધો છે તેથી જ્ઞાતિ માટે આપણાથી જે થઈ શકે તે કરવું જ જોઈએ. જ્ઞાતિના હિત માટે તમામ જ્ઞાતિજનોને સંપથી - એકતાથી જ્ઞાતિની વાડી માટે કામે લાગી જવા અપીલ કરી હતી.

સમૂહ લગ્ન સમિતિના ચેરમેન (કન્વીનર) શ્રી રાજેશભાઈ કેશવલાલ વીસા પરમારે જણાવ્યું હતું કે જ્ઞાતિના તમામ કાર્યક્રમોમાં જ્ઞાતિના તમામ ભાઈ-બહેનો, વડીલો - યુવાનો જોડાય છે તે જ્ઞાતિ હંમેશા અગ્રેસર રહે છે.



આ ઉપરાંત જ્ઞાતિ આચાર્ય શ્રી હરીલાલભાઈ લખમશીભાઈ વીસા પરમાર, ભુજના શ્રી પી. જી. સોની (દાસભાઈ)એ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. તદુપરાંત શ્રી પુનીતભાઈ અતુલભાઈ બગ્ગા (અમદાવાદ) અને સુશ્રી હેતલબેન બારમેડા (ભુજ)ની વિશેષ ઉપલબ્ધિ બદલ તેઓને પ્રમુખ શિવલાલભાઈ તથા શ્રીમતી પ્રવીણાબેન શિવલાલ દ્વારા બિરદાવવામાં આવ્યા હતા.

સમૂહ લગ્ન ૨૦૦૬માં અંજાર જ્ઞાતિના પ્રમુખ શ્રી શિવુભાઈ મેવચા, ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ ચત્રભુજ કંસારા, શશીકાંતભાઈ મનસુખભાઈ બારમેડા, મંત્રી શ્રી દિનેશભાઈ રાઘવજીભાઈ સોની, સહમંત્રી શ્રી ભરતભાઈ ભગવાનદાસભાઈ બુધ્ધભટ્ટી, ખજાનચી શ્રી પ્રકાશભાઈ નરોત્તમભાઈ બારમેડા, સહ ખજાનચી શ્રી ચમનભાઈ રાઘવજી સોલંકી, રાજેશભાઈ કેશવલાલ વીસા પરમાર, જગદીશભાઈ હરીલાલ છત્રાળા, કિરણભાઈ કાનજીભાઈ હેડાઉ, કમલભાઈ વિઠ્ઠલદાસ પરમાર, પોમલ હસમુખભાઈ ફુલચંદભાઈ, પોમલ શૈલેષભાઈ વેલજીભાઈ બુધ્ધભટ્ટી, રમેશભાઈ મોહનજીભાઈ, બગ્ગા અનિલભાઈ શંકરલાલ, કટ્ટા હેમેન્દ્રભાઈ દામજીભાઈ, શક્કરીયા જેંતીલાલ કેશવજીભાઈ, બુધ્ધભટ્ટી મહેશભાઈ કાંતિલાલ, બુધ્ધભટ્ટી શાંતિલાલભાઈ હંસરાજભાઈ, બુધ્ધભટ્ટી અતુલભાઈ કાકુભાઈ, પોમલ કિરણભાઈ મગનલાલ, પોમલ મહેન્દ્રભાઈ દામજીભાઈ, સોલંકી હિંમતલાલ ભગવાનજીભાઈ, જયેન્દ્રભાઈ ખીમજીભાઈ તમામ કારોબારી સભ્યોએ પંદર દિવસથી જહેમત ઉઠાવી હતી તેવું ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ અને શશીકાંતભાઈએ જણાવ્યું હતું.



યુવક મંડળના પ્રમુખ શ્રી સતીષભાઈ ચમનલાલ, બુધ્ધભટ્ટી સચીન ધીરજલાલ, બુધ્ધભટ્ટી સંદીપ રમણીકલાલ, છત્રાળા સુનીલ પ્રવીણભાઈ, છત્રાળા મહેન્દ્ર વિઠ્ઠલદાસ, છત્રાળા જયકુમાર મગનલાલ, બારમેડા કૌશિક વસંતરાય, સાકરીયા નીરવ સુરેશભાઈ, પોમલ વિરેન્દ્ર સાહેબ, દિલીપ ચમનલાલ સોલંકી, પોમલ ચેતન જગદીશભાઈ, કમલ મોહનલાલ, સાકરીયા હાર્દિક દિલીપભાઈ, અજય જેઠાલાલ; સલાહકાર સમિતિના શ્રી સોની શામજીભાઈ ગાંગજીભાઈ, વેલજીભાઈ કાનજીભાઈ હેડાઉ, વીસા પરમાર હરીલાલભાઈ લખમશીભાઈ, બારમેડા નવીનભાઈ નરોત્તમભાઈ, સોલંકી મોહનભાઈ રાઘવજીભાઈ, વીસા પરમાર સુરેશભાઈ પરષોત્તમભાઈની કાર્યક્રમ અંગેની સલાહ મળી રહી હતી તેવું મંત્રી શ્રી દિનેશભાઈએ જણાવ્યું હતું.

અંતમાં સમારંભના પ્રમુખ શ્રી શામજીભાઈ ગાંગજીભાઈ મેવચાએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે માણસમાં વિદ્યા, વિનય, શક્તિ આ ત્રણે મુદ્દા રહેલ છે. જો આ સાચા અને સેવાના કાર્યમાં ઉપયોગ કરે તો માણસના રૂપે દેવ મનાય છે અને અવળે રસ્તે તેનો ઉપયોગ કરે તો દાનવ તરીકે ઓળખાય છે. માટે કુદરતે આપેલ શક્તિ આપણે સમાજના સારા કાર્યો માટે વાપરવી જોઈએ. જેથી એક સુગઠિત, સંગઠિત સમાજનું નિર્માણ કરી શકીએ.

આ લગ્ન મહોત્સવમાં જ્ઞાતિના ઈશ્વરલાલ વેલજીભાઈ બારમેડા, હરીશભાઈ નરોત્તમભાઈ બારમેડા, પોમલ સુરેશભાઈ રમણીકભાઈ, પ્રકાશભાઈ વેલજીભાઈ વગેરે જ્ઞાતિજનોએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન કુ. એકતા હેમેન્દ્રભાઈ કટ્ટાએ ખૂબજ સુંદર રીતે કરી જ્ઞાતિજનોની સરાહના મેળવી હતી.

***શિવલાલ એસ. સોની - પ્રમુખ***

***ભારતીય સંસ્કૃતિ અને પરંપરા મુજબ લગ્ન એક પવિત્ર સંસ્કાર છે, કરાર નથી. અને એટલે જ, એ 'સંસ્કાર'ની વિધિમાં સમસ્ત સમાજની 'સંમતિ' અને 'યોગદાન'નું અનેરૂં મહત્ત્વ છે.***

# પરિવર્તન સમયની માંગ છે

કુ. એકતા કટ્ટા - અંજાર

'પરિવર્તન સંસારનો નિયમ છે.' આ ઉક્તિ યથાર્થ અને પ્રાચીન છે. આદિ માનવથી સભ્ય સામાજીક માનવ સુધીની સફર પરિવર્તનની દેન છે. આ સફરમાં અનેક પરંપરાઓ, સંસ્કારો, સંસ્કૃતિઓનાં પડાવ આવ્યા છે. સમયાંતરે આ બધામાં જ પરિવર્તન આવ્યું છે, આવતું રહેશે. સભ્યતાના અર્થ સુધ્ધામાં પરિવર્તન આવ્યું છે. જંગલ અવસ્થાથી એક સભ્ય કુટુંબ વ્યવસ્થા સુધીના માનવનું પરિવર્તન વિકાસોન્મુખ છે. આ કુટુંબ વ્યવસ્થાનો પાયો એટલે 'વિવાહ સંસ્કાર'. સમયાંતરે આ સંસ્કારમાં પણ પરિવર્તન આવ્યું. એક પરિવર્તન જે 'સમૂહ લગ્ન'નાં રૂપે ઉદ્‌ભવ્યું તે મહદ્‌અંશે સમયની માંગ આધારીત છે. દીર્ઘદ્રષ્ટિથી થતાં આવા સુસંગત આયોજન વિકાસોન્મુખ પરિવર્તનની પ્રતીતિ કરાવે છે.

ગત તા. ૧૪-૫-૨૦૦૬નાં રોજ શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અંજાર દ્વારા આયોજીત 'સમૂહ લગ્ન' સમારોહ સમયે જ્ઞાતિ અગ્રણીઓએ આવા આયોજનોનાં ફાયદા ઉલ્લેખ્યા ત્યારે આ 'વિવાહ સંસ્કાર'માં આવેલ પરિવર્તનમાં પણ પરિવર્તન આવવું જોઈએ એવું લાગ્યું. તે સમયે એક પ્રશ્ન એવો પણ પૂછાયો કે 'સમૂહ લગ્ન શા માટે?' આજે વિવાહનું આયોજન વધુને વધુ ખર્ચાળ અને અનેક સમસ્યાઓથી ભરેલું બનતું જાય છે. જ્ઞાતિ એકત્રીકરણનાં કાર્યો પણ આવશ્યક છે ત્યારે 'સમૂહ લગ્ન' આ બંને બાબતો માટે સંયુક્ત વિકલ્પ પૂરો પાડે છે. આ વિકલ્પમાં 'પરિવર્તન' થવું તે પણ સમયની માંગ છે, જે આ પ્રમાણે થઈ શકે :

૧. સમૂહ લગ્ન આયોજન અંતર્ગત નવયુગલોને સંબંધીઓ, જ્ઞાતિજનો દ્વારા અપાતી ભેટ-સોગાદોનાં બદલે રોકડ રકમ આપવી. આવી સંયુક્ત રોકડ રકમ નવયુગલના નામે લાંબાગાળાની બેંક ફિક્સ ડિપોઝીટ રૂપે રખાવવી તથા તેનો ઉપયોગ તેમની ભાવિ પેઢીના શિક્ષણાર્થે કરવો તેવું આયોજન કરી શકાય. જેથી એક જ પ્રકારની અનેક ભેટ સોગાદોનાં થતા અપવ્યયથી બચી શકાય. આ ભેટ સોગાદોમાં મોટે ભાગે એવી વસ્તુઓ અપાતી હોય છે જે સામાન્ય રીતે બધા જ ઘરોમાં અગાઉથી હોય જ છે અને આ વસ્તુઓનો ઘરમાં નિર્રથક સંગ્રહ, ને સાચવવાની કડાકૂટ કરવી પણ સમસ્યા બને છે. માતા-પિતા દ્વારા અપાતું કરિયાવર પણ આ રૂપે થઈ શકે.

૨. સમૂહ લગ્નનાં આયોજનથી આર્થિક રીતે અસક્ષમ પરિવારને જ્ઞાતિ સહાયભુત નીવડે છે. તેવી જ રીતે સધ્ધર, સક્ષમ પરિવાર સમૂહ લગ્ન આયોજનમાં આપેલ આર્થિક યોગદાન વડે જ્ઞાતિ કાર્યોને વેગવંતા બનાવી શકે છે. મુખ્યત્વે મધ્યમ અને સધ્ધર પરિવારો દ્વારા આ આયોજનમાં સમ્મિલિત થયા બાદ સ્વતંત્ર સત્કાર સમારંભનું આયોજન થતું હોય છે. આ પરિવારો આ આયોજનની સાથે સાથે, આ ખર્ચના આધારે સમૂહ લગ્ન સમિતિ તથા જ્ઞાતિના અન્ય શૈક્ષણિક - મેડિકલ ફંડમાં આર્થિક અનુદાન આપીને જ્ઞાતિને સહાયભૂત થઈ શકે છે. ભુજ જ્ઞાતિ દ્વારા આયોજીત સમૂહ લગ્નમાં જ્ઞાતિ અગ્રણીઓનું આ આયોજનમાં સમ્મિલિત થવું તથા સંપૂર્ણ ભોજન ખર્ચ, મંડપ ખર્ચ ઇત્યાદિ માટે અપાતાં આર્થિક અનુદાનનો પ્રયાસ ઉદાહરણીય છે. આ આયોજન દ્વારા જ્ઞાતિનાં તમામ વર્ગને જ્ઞાતિ, અને જ્ઞાતિને જ્ઞાતિના તમામ વર્ગ સહાયભૂત બની શકે છે.

આમ સમયની માંગને અનુસરીને સમૂહ લગ્ન પરંપરામાં પણ સમયાંતરો પરિવર્તનો આવશ્યક છે.

## શિવ મંદિરનું ખાત મુહૂર્ત

અંજાર જ્ઞાતિનાં કુળદેવી શ્રી મહાકાલી માતાજીના મંદિરના જીર્ણોધ્ધાર કાર્ય પછી તરત જ જ્ઞાતિના શ્રી માનકેશ્વર મહાદેવ મંદિરનું જીર્ણોધ્ધાર કાર્ય કરવાનું નક્કી થયું હતું. તે નિર્ણયને તમામ જ્ઞાતિજનોએ આવકાર્યો હતો અને તે નિર્ણય મુજબ જ્ઞાતિના શ્રેષ્ઠીઓ તથા અગ્રણીઓના ત્વરીત સહયોગના આધારે આ કાર્યનો પ્રારંભ મંદિર જીર્ણોધ્ધાર અર્થે થયેલ ખાતમુહૂર્ત કાર્યથી થયું હતું જે ગત તા. ૧૩-૫-૦૬ના સાંજે ૫.૪૧ કલાકે આ જીર્ણોધ્ધાર કાર્યના મુખ્ય દાતા શ્રી દિનેશભાઈ રાઘવજીભાઈ કંસારા (બબા શેઠ)ના હસ્તે કરવામાં આવ્યું હતું. આ કાર્યની શાસ્ત્રોક્ત વિધિ જ્ઞાતિના પ.પૂ.ગોરબાપા શ્રી કનકચંદ્ર છગનલાલ વ્યાસ તથા તેમના ચિ. શ્રી દેવેન્દ્રભાઈ કનકચંદ્ર વ્યાસ દ્વારા કરવામાં આવી હતી.

આ ખાતમુહૂર્ત વિધિ સમયે જ્ઞાતિના માજી પ્રમુખ શ્રી સહિત જ્ઞાતિ કારોબારી, કમિટી, સલાહકાર સમિતિ તથા યુવક મંડળના સભ્યો સહિત જ્ઞાતિ અગ્રણીઓ તેમજ જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે એ ઉલ્લેખનીય છે કે ખાતમુહૂર્ત વિધિના બીજે જ દિવસે સમૂહ લગ્નનું આયોજન હોવાથી અંજાર જ્ઞાતિમાં જ્ઞાતિ કાર્યોના વિશેષ આયોજનનો ઉત્સાહપૂર્ણ માહોલ સર્જાયો હતો.

*શિવલાલ એસ. સોની - પ્રમુખ*

# SETU # 2ND PROOF # 30

# આપણી જ્ઞાતિનું ગૌરવ – શ્રી અરૂણકુમાર ઠાકરશી કંસારા

**શ્રી પ્રકાશ જગરામ સોની**

આજના ભણેલા ગણેલા યુવાનો સારી પદવી પર પહોંચી ગયા પછી સામાજીક કાર્યો માટે મોટેભાગે લાયન્સ ક્લબ, રોટરી જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે જોડાય છે પરંતુ કેટલાક યુવાનો એવા પણ હોય છે જે એવી સંસ્થાઓ સાથે જોડાયા છતાં પોતાનાં મૂળ સાથેના સંબંધો અકબંધ રાખે છે. આ મૂળીયા એટલે પરિવાર, પડોશ, સગા-સંબંધી, ગામ કે શહેર અને જ્ઞાતિ. આવા એક યુવાન – ખૂબ જ ઉજ્જવળ કારકીર્દિ અને ઉચ્ચ વર્ગનું માન સન્માન છતાં પોતાના સમાજ સાથેનો સંબંધ ગાઢ કરતો જાય છે. આ યુવાન છે શ્રી અરૂણકુમાર ઠાકરશીભાઈ કંસારા. કચ્છમાં ખૂબજ સન્માન પામેલા ન્યાયાધીશ, ઇતિહાસકારના સૌથી નાના પુત્ર. પ્રસ્તુત છે એમની જીવન ઝરમરની ઝાંખી...

– *તંત્રી*



અમારા મંડળના પ્રમુખ શ્રી અરૂણકુમાર ઠાકરશી કંસારાનો પરિચય આપની જાણ માટે રજૂ કરીએ છીએ.

તેમના પુ. પિતાશ્રી ઠાકરશી પી. કંસારાના પદચિન્હ પર ચાલીને સમગ્ર કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં વસતા કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિના પરિવારોમાંથી પ્રથમ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થનાર વ્યક્તિ વિશેષ તે અમારા પ્રમુખ શ્રી અરૂણકુમાર કંસારા છે. તેજસ્વી શૈક્ષણિક કારકીર્દિ ધરાવતા શ્રી અરૂણભાઈએ ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા - ન્યુ દિલ્હી દ્વારા નવેમ્બર ૧૯૭૭માં લેવાયેલ ફાઈનલ સી.એ.ની પરીક્ષા પાસ કરીને 'ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ'ની પદવી મેળવી હતી. તેમણે સી.એ.ની ટ્રેનિંગ કચ્છની પ્રસિધ્ધ સી.એ. ફર્મ મે. ખીમજી કુંવરજી એન્ડ કાં.ના શ્રી પદમશીભાઈ લાલકા પાસેથી લીધી હતી અને ત્યારબાદ ફર્ટીલાઈઝર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા - ન્યુ દિલ્હીમાં પણ ટ્રેનિંગ લીધી હતી. અમદાવાદની પ્રસિધ્ધ એચ.એલ. કોલેજ ઓફ કોમર્સમાંથી બી.કોમ. કર્યા બાદ ભુજની લૉ કોલેજમાં સી.એ.ની ટ્રેનિંગ સાથે એલ.એલ.બી.નો પણ અભ્યાસ કરીને ૧૯૭૫માં એલ.એલ.બી.ની ડિગ્રી પણ મેળવી હતી. જેમાં સેકન્ડ એલ.એલ.બી.ની પરીક્ષામાં સમગ્ર કચ્છમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. જે બદલ તેમને ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રી ઈશ્વરભાઈ પટેલના હસ્તે ઈનામ મળેલ હતું.

શ્રી અરૂણભાઈ કંસારા હાલે ફર્ટીલાઈઝર ક્ષેત્રે વિશ્વપ્રસિધ્ધ સંસ્થા 'ઈફ્કો'ના કંડલા ખાતેના એકમમાં જોઈન્ટ જનરલ મેનેજર (ફાઈનાન્સ)ના હોદ્દા પર નાણાં વિભાગના વડા તરીકે કાર્યરત છે. આવા ઉચ્ચ હોદ્દા પર પહોંચનાર તેઓ પ્રથમ અને એકમાત્ર 'કચ્છી' છે, જે સમગ્ર કચ્છ માટે ગૌરવ સમાન છે. ઈફ્કોમાં તેમના કાર્ય અંગે તેમણે જર્મની, ફ્રાંસ, ઈટાલી, ડેન્માર્ક, હોલેન્ડ, થાઈલેન્ડ, ફિલીપાઈન્સ વિગેરે દેશોની વ્યવસાયીક તથા ટ્રેનિંગ માટે મુલાકાત લીધેલ છે અને દિલ્હી, બરેલી, નેલોર (આં.પ્ર.) વિગેરેમાં ઈફ્કોના એકમોમાં કાર્ય કર્યા બાદ હાલે પાછા કંડલા ખાતે કાર્યરત છે.

તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી અને ઉચ્ચ વ્યવસાયીક પ્રગતિ સાથે શ્રી અરૂણભાઈનું શૈક્ષણિક, સામાજીક અને અધ્યાત્મિકમાં પણ ગણનાપાત્ર યોગદાન છે.

શૈક્ષણિક ક્ષેત્રે તેઓના પ્રયત્નો અને યોગ્ય ઓળખાણને કારણે આદિપુરની તોલાણી કોમર્સ કોલેજમાં ઈન્સ્ટીટ્યુટ ઓફ કોસ્ટ એન્ડ વર્કસ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICWA) ના ઈન્ટરમિડીયેટ પરીક્ષા માટેનું માન્ય કોચીંગ સેન્ટર મેળવવા માટે તેમનું યોગદાન રહેલ છે. જેમાં તેઓ વિઝીટીંગ ફેકલ્ટી તરીકે સેવા આપે છે. આ ઉપરાંત મેનેજમેન્ટ શિક્ષણ માટે ભારત સરકાર દ્વારા એપેક્ષ બોડી તરીકે માન્યતાપાત્ર ઓલ ઈન્ડિયા મેનેજમેન્ટ એસોસિએશન (AIMA) ન્યુ દિલ્હીની કચ્છમાં ગાંધીધામમાં 'કચ્છ મેનેજમેન્ટ એસોસિએશન' નામે શાળા શરૂ કરાવવામાં તથા તેનું ફલક સમગ્ર કચ્છમાં કાર્યરત સંસ્થાઓ / ઉદ્યોગોમાં વિસ્તારવામાં તેમનું ખાસ યોગદાન છે. તેઓ કે.એમ.એ.ના સ્થાપક સભ્ય, ખજાનચી અને હાલે માનદ્ મંત્રી તરીકે કાર્યરત છે અને કચ્છમાં મેનેજમેન્ટ શિક્ષણ અંગેના ટ્રેનિંગ પ્રોગ્રામ, સેમિનાર, કોન્ફરન્સ વગેરે યોજીને કચ્છને મેનેજમેન્ટના વિસ્તૃત ફલક પર લાવેલ છે.

ઉપરાંત ઉદયનગર - ગાંધીધામમાં અધ્યાત્મિક ઉત્થાન મંડળ જે 'ઓમ સાધના મંદિર'ના માધ્યમથી અધ્યાત્મિક પ્રવૃત્તિઓ અને 'ઓમ વિદ્યા મંદિર'ના માધ્યમથી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે પ્રવૃત્ત છે તથા મેડિકલ ક્ષેત્રે

# SETU # 2ND PROOF # 30

હોમિયોપથી ક્લીનીક ચલાવે છે તે ચેરીટેબલ ટ્રસ્ટના સ્થાપક ટ્રસ્ટી, ખજાનચી અને હાલે પ્રમુખ અને ઓમ વિદ્યા મંદિરના મેનેજિંગ કમિટીના ચેરમેન છે. ઉપરોક્ત શૈક્ષણિક અને સામાજીક પ્રવૃત્તિઓ ઉપરાંત તેઓએ લાયન્સ ક્લબ ઓફ ગાંધીધામમાં ખજાનચી અને માનદ્ મંત્રી પદેથી સેવા આપેલ છે.

કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિના ઉત્કર્ષ અને સર્વાંગી વિકાસ માટે 'જાગૃતિ, એકતા અને ઉન્નતિ'ના ધ્યેય સાથે તેમણે 'શ્રી અખિલ કચ્છ સમસ્ત મારૂ કંસારા સોની સમાજ ઉત્કર્ષ મંડળ'ની ગાંધીધામમાં સ્થાપના કરી છે અને સંસ્થાને ચેરીટેબલ ટ્રસ્ટ અને સોસાયટી એક્ટ હેઠળ તથા ઈન્કમટેક્ષ એક્ટ હેઠળ ટ્રસ્ટ તરીકે નોંધાવેલ છે. આ સંસ્થા અંતર્ગત જાહેર સેવા યજ્ઞનો આરંભ કરેલ છે. હાલે તેઓશ્રી આ સંસ્થાના સ્થાપક ટ્રસ્ટી અને પ્રમુખશ્રી તરીકે સેવા આપી રહ્યા છે. આ મંડળ અંતર્ગત મહિલાઓના સર્વાંગી વિકાસ માટે અને ઉત્કર્ષના હેતુથી 'સહિયર જાગૃતિ મહિલા મંડળ'ની પણ તેમણે સ્થાપના કરી છે. જેના પ્રમુખપદે, તેમના ધર્મપત્ની શ્રીમતી ઈંદુબેન કંસારા યોગ્ય નેતૃત્વ પ્રદાન કરી સમાજની બહેનોને મંડળ અંતર્ગત સીલાઈ, ભરતગૂંથણ, ફેબ્રિક પેઈન્ટીંગ, ડ્રેસ ડિઝાઈનીંગ, મહેંદી, બ્યુટી પાર્લર વિગેરેના કોચીંગ ક્લાસીસનું આયોજન કરે છે. ચલાવીને માર્ગદર્શન આપે છે.

ઉત્કર્ષ મંડળની વિવિધ પ્રવૃત્તિઓમાં ગત વર્ષે જ્ઞાતિની એકતાના પ્રતીક સ્વરૂપ કચ્છ અને ગાંધીધામમાં પ્રથમ વખત અખિલ કચ્છ શરદ મહોત્સવ - ૨૦૦૫નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સમગ્ર કચ્છ – આદિપુર, ગાંધીધામ, અંજાર, ભુજ, નખત્રાણા, માંડવી વિગેરે સ્થળોએથી મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ ભાગ લઈ જ્ઞાતિની એકતાનું દર્શન કરાવેલ હતું.

આરોગ્ય ક્ષેત્રે શ્રી અરૂણભાઈએ તેમના સ્વ. માતુશ્રીના નામે 'શ્રીમતી મણિબેન ઠાકરશી કંસારા મેમોરીયલ મેડિકલ રીલીફ ફંડ'ની રચના કરી છે. આ ટ્રસ્ટ દ્વારા અપાતી સેવાઓ નાતજાત ધર્મ કે સામાજીક સ્તરના કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના જરૂરતમંદોને નિ:શુલ્ક તબીબી સેવાઓ આપવા શિબિરોનું આયોજન થાય છે. તદુપરાંત ગાંધીધામમાં નિ:શુલ્ક સ્થાયી ફિઝીયોથેરાપી સેવા કેન્દ્રની પણ સ્થાપના કરવામાં આવી છે.

આવા બહુમુખી પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વ ધરાવતા શ્રી અરૂણભાઈ કંસારા 'કર્મયોગી' છે. પ્રસિધ્ધિથી દૂર રહી નિ:સ્વાર્થભાવે અને silently તેમનું કાર્ય કરી રહ્યા છે.

શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદને શ્રી અરૂણભાઈ તેમજ શ્રી ઉત્કર્ષ મંડળનો સહયોગ મળતો રહે છે.

With Best Compliments From
Jayendra K. Soni
M. : 98253 91470



Lucky
Gold Smith
DEALS IN :
GOLD & SILVER ORNAMENTS
~
SHOP NO. 1, RAJENDRA CHOWK,
ADIPUR (KUTCH)
PH. : (S) 260199 (R) 261984

With Best Compliments From
રાજેન્દ્ર શાહ
STEARLING 92.5 SILVER
મહાવીર
ફેશન જ્વેલરી
ગોકુલ નિવાસ, રામનગર, સાબરમતી,
અમદાવાદ-૫.
મો. ૯૪૨૬૩ ૫૦૦૬૮
CZ સિલ્વર જ્વેલરી

## ગાંધીધામમાં સ્વ. મણિબેન ઠાકરશી કંસારા મેમોરીયલ મેડિકલ રીલીફ ફંડ આયોજીત સાર્વજનિક નિઃશુલ્ક ફિઝીયોથેરાપી સેવા કેન્દ્ર

શ્રી અખિલ કચ્છ મારૂ કંસારા સોની સમાજ ઉત્કર્ષ મંડળ - ગાંધીધામ સંચાલિત 'સ્વ. મણિબેન ઠાકરશી કંસારા મેમોરીયલ રીલીફ ફંડ' અને 'સહિયર જાગૃતિ મહિલા મંડળ - ગાંધીધામ'ના સંયુક્ત ઉપક્રમે "સાર્વજનિક નિઃશુલ્ક ફિઝીયોથેરાપી સેવા કેન્દ્ર'નો તા. ૩૦ માર્ચ, ૨૦૦૬ ગુરૂવારના રોજ શોપ નં.-૯, પ્લોટ નં. ૫૭૫, વોર્ડ ૧૨/સી, સાંઈકૃપા બિલ્ડીંગ, લીલાશા નગર, પોલીસ સ્ટેશન રોડ, ગાંધીધામ (કચ્છ)માં શુભારંભ કરવામાં આવેલ હતો. આ કેન્દ્રમાં શ્રી ચેતન હીરાલાલ સોની (ફિઝીયોથેરાપીસ્ટ) દ્વારા દર્દીઓને તપાસીને ઉપચાર માટે માર્ગદર્શન આપવામાં આવેલ હતું. જેનો મોટી સંખ્યામાં વિવિધ પ્રકારના દર્દીઓએ લાભ લીધો હતો. આ કેન્દ્રના ઉદ્‌ઘાટન પ્રસંગે રાજકોટથી ડો. જે. પી. દંગી અને રામબાગ સરકારી હોસ્પિટલ - આદિપુરના મેડિકલ ઓફિસર શ્રી મકવાણા ખાસ ઉપસ્થિત રહેલ હતા. આ કાયમી કેન્દ્રમાં શ્રી ચેતન એચ. સોની (ફિઝીયોથેરાપીસ્ટ) દર ગુરૂવારે સવારે ૧૦.૦૦થી બપોરે ૧.૦૦ વાગ્યા સુધી જરૂરિયાતમંદ દર્દીઓનું નિઃશુલ્ક નિદાન અને ઉપચાર કરશે.

કેન્દ્રનું દીપ પ્રાગટ્યથી પ્રારંભ કરતાં શિબિરના ઉદ્‌ઘાટક મારૂ કંસારા સોની સમાજના કુલગુરૂ શ્રી કનકચંદ્ર છગનલાલ વ્યાસે આરોગ્ય ચિકિત્સા ક્ષેત્રે મંડળ દ્વારા કરવામાં આવેલ પ્રયાસ બદલ આયોજકોને બિરદાવ્યા હતા અને આરોગ્ય સેવા માટે પહેલ કરવા બદલ અભિનંદન આપ્યા હતા અને સમાજના અગ્રણીઓએ આરોગ્ય ક્ષેત્રે મંડળ દ્વારા થઈ રહેલ કાર્યોને તન, મન અને ધનથી સક્રિય સહકાર આપવા અનુરોધ કરેલ હતો.

મંડળના પ્રમુખ શ્રી અરૂણ ઠાકરશી કંસારાએ કુલગુરૂ શ્રી કનકચંદ્ર છગનલાલ વ્યાસ કેન્દ્રમાં સેવા આપવા ઉપસ્થિત નિષ્ણાતો, સમાજના અગ્રણીઓ, મંડળ તથા મહિલા મંડળના કાર્યકરો તથા કેન્દ્રના લાભાર્થીઓનું સ્વાગત કરતાં જણાવેલ કે મારૂ કંસારા સોની જ્ઞાતિના સમગ્ર કચ્છના અગ્રણીઓની મળેલ વિવિધ સભાઓમાં સમગ્ર કચ્છમાં આરોગ્ય ક્ષેત્રે સેવાની જરૂરિયાત ઉપર એકમત થયેલ. જેને અનુલક્ષીને સર્વે સભ્યોના સક્રિય સહકારથી 'સ્વ. મણિબેન ઠાકરશી કંસારા મેમોરીયલ મેડિકલ રીલીફ ફંડ'ની રચના કરવામાં આવી છે. જેના અંતર્ગત મેડિકલ ચેક-અપ શિબિરનું આયોજન તા. ૧૨-૩-૦૬ના રોજ આદિપુરમાં કરવામાં આવેલ હતું. ઉપરાંત રામબાગ સરકારી હોસ્પિટલ - આદિપુરમાં જરૂરિયાતમંદ દર્દીઓને ફળ અને દવાઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવેલ હતું. તા. ૧૯-૩-૦૬ના ગાંધીધામમાં યોજાયેલ શિબિરમાં ડો. દિનેશ દવે., એમ.ડી. (હાર્ટ સ્પેશિયાલીસ્ટ) - ભુજ, ડો. સુધીર બી. સાકરીયા, એમ.ડી. (હાર્ટ સ્પેશિયાલીસ્ટ) - ગાંધીધામ, ડો. (શ્રીમતી) હીરેમઠ, એમ.બી.બી.એસ., પીજીડીએમસીએચ (ગાયનેકોલોજીસ્ટ) - આદિપુર, ડો. હિમાંશુ મકવાણા, એમ.બી.બી.એસ. (મેડિકલ ઓફિસર - રામબાગ સરકારી હોસ્પિટલ) - આદિપુર તથા શ્રી ચેતન હીરાલાલ સોની (ફિઝીયોથેરાપીસ્ટ) દ્વારા દર્દીઓને તપાસીને ઉપચાર માટે માર્ગદર્શન આપવામાં આવેલ હતું. ઉપરોક્ત શિબિરોમાં જાહેર કર્યા મુજબ દર્દીઓની પશ્ચાત સારવારના હેતુથી આજે કાયમી ફિઝીયોથેરાપી સેવા કેન્દ્રની શરૂઆત કરવામાં આવી છે જેમાં શ્રી ચેતન એચ. સોની (ફિઝીયોથેરાપીસ્ટ) દર ગુરૂવારે સવારે ૧૦.૦૦થી બપોરે ૧.૦૦ વાગ્યા સુધી જરૂરિયાતમંદ દર્દીઓનું નિઃશુલ્ક નિદાન અને ઉપચાર કરશે.




આ ફિઝીયોથેરાપી સેવા કેન્દ્રના આયોજનમાં શ્રી જયેન્દ્ર સોની (ઉપપ્રમુખ), શ્રી ભરત સોની (માનદ્ મંત્રી), શ્રી વિનોદ સોની (ખજાનચી), શ્રી પ્રકાશ સોની (સહમંત્રી), શ્રી કિશોરભાઈ સોની (પ્રમુખ - ગાંધીધામ સેવા મંડળ), શ્રી કાંતિભાઈ સોની (પ્રમુખ - આદિપુર સેવા મંડળ), શ્રી છગનભાઈ સોની - અંજાર, શ્રી ધીરેન્દ્ર બારમેડા - અંજાર, શ્રી હીરાલાલ બારમેડા, સહિયર જાગૃતિ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ઈંદુ કંસારા, શ્રીમતી ભારતીબેન સોની (ઉપપ્રમુખ), શ્રીમતી ઉર્મિલાબેન સોની (માનદ્ મંત્રી), શ્રીમતી પુનીતાબેન સોની (ખજાનચી) તથા અન્ય અગ્રણીઓનો સહકાર મળેલ હતો. સંચાલન શ્રી પ્રકાશ સોનીએ કર્યું હતું.

### ફિઝીયોથેરાપી સેવા કેન્દ્ર

પ્લોટ નં.-૫૭૫, વોર્ડ ૧૨/સી, સાંઈકૃપા બિલ્ડીંગ, લીલાશા નગર, પોલીસ સ્ટેશન રોડ, ગાંધીધામ (કચ્છ).

***પ્રત્યેક ગુરૂવારે સવારે ૧૦.૦૦થી ૧ વાગ્યા સુધી નિઃશુલ્ક સેવા પ્રદાન કરે છે.***

# SETU # 2ND PROOF # 30

# સત્સંગ

## જીવન જીવતા જીવતા જીંદગી સરી ગઈ

મનુષ્ય જીવન ઈશ્વરની એક અણમોલ ભેટ છે. જે સગવડો કોઈ જીવજંતુને નથી મળતી, તે મનુષ્યને મળી છે. સંસારમાં પ્રત્યેક પ્રાણી જન્મ લે છે અને સમય આવે મૃત્યુને ભેટતો હોય છે. સંસારમાં જે સત્ય છે તે મૃત્યુ છે. મનુષ્યને જ પરમાત્માએ જે સગવડો આપી છે કે જે મૃત્યુને એક તરફ ધકેલી અમરત્વ પ્રાપ્ત કરી શકે છે. મહાપુરૂષોના જીવન આ જ ગુણોથી પરીપૂર્ણ છે. જે પ્રભુની ગતિ ચક્રને જાણે છે તે આ સંસારમાં જીવન સફળ કરી અને અમરત્વ પામે છે. સંસાર ચક્ર છે તે તો ફર્યા કરે છે. માટે મૃત્યુ તે જ સત્ય છે. તેનો એક દૃષ્ટાંત છે કે જો મૃત્યુ ન આવે તો.

એક વખત માતા પાર્વતી ભગવાન શંકરને કહે છે કે પ્રભુ, આ સંસારી જીવો જન્મ મરણના ફેરામાં કેટલા દુઃખી છે. માટે તમે તે જીવોના દુઃખ દૂર કરો અને આ મૃત્યુથી મુક્ત કરો. ત્યારે ભગવાન વિભુ કહે કે, ‘હે સતી આ તો બ્રહ્માંડનો નિયમ છે કે જે જન્મે તેનું મૃત્યુ થાય. મૃત્યુને રોકવું તે તો બહુ જ મુશ્કેલી વધી જાય માટે તે અસંભવ છે.’ પણ મા પાર્વતીએ તો હઠ પકડી. નહીં પ્રભો, કાંઈ દયા કરો. મને તે જીવો પ્રત્યે બહુ જ દયા આવે છે. મારાથી આ જીવોના દુઃખો નથી જોવાતા. હું આ બધા જીવો તરફથી તમને વિનવું છું. દયા કરો, દયા કરો. ત્યારે ભગવાને ‘તથાસ્તુ’ કહી અને સૃષ્ટીને મૃત્યુથી રોકી. ત્યાર પછી તો બીજનું વૃક્ષ બને તો પણ તેનો ક્ષય ન થાય. જીવો જન્મે પણ મૃત્યુ ન થાય. આખો સંસાર જીવોથી ભરાઈ ગયો. જળચરોથી પાણી દેખાય નહીં, નભચરોથી આકાશ છવાઈ ગયું અને પૃથ્વી તો એટલી સમૃધ્ધ બની કે હાલવા ચાલવા જેટલી પણ જગ્યા નહીં. જંગલો, બાગ-બગીચા, ખેતરો, વૃક્ષો, વેલા, પાંદડા, ઘાસફુસ એટલા તો વધી ગયા કે જેની સીમા ન રહી. હવે તો કૈલાસ પર્વત પણ એટલો બધો ભરાઈ ગયો. ત્યારે મા પાર્વતીને થયું કે આ ખોટું થયું. ત્યારે શંકર ભગવાન પાસે પ્રાર્થના કરી કે તમે આ માયાને સંકેલો. ત્યારે ભગવાન બોલ્યા કે, ‘દેવી, આ સૃષ્ટીના નિયમોનું ઉલ્લંઘન ન થાય. જે જીવ જન્મે અને મૃત્યુ ન આવે તો સૃષ્ટીનો સંચાર કરવો મુશ્કેલ થઈ જાય છે. માટે કુદરતી નિયમનો સ્વીકાર કરવા જ પડે. સંતો, ઋષિ મુનિઓ કહે છે કે જો મૃત્યુને જીતવું હોય તો તે આ મનુષ્ય અવતારમાં જ. મનુષ્યમાં જ શક્તિનો ભંડાર છે. તેને તો મહાન પુરૂષો જ જાણે છે. જેમ સ્વામિ વિવેકાનંદ થોડું જીવીને પણ સંસાર તરી ગયા. માટે જે સમય આજે નીકળી જશે તે ફરી પાછો આવશે નહીં. સમય ઘણો જ બળવાન છે. એ જાણીને જ્ઞાની ભક્તો હંમેશા સમયનો સદુપયોગ કરે છે.

***શાંતાબેન અમૃતલાલ બારમેડા - અંજાર***

## આજનું ચિંતન

એમ કહેવાય છે કે પારસમણિ જો લોઢાને સ્પર્શ કરે તો લોઢું સોનું થઈ જાય. પણ પારસમણિ અને લોઢા વચ્ચે પીપળાનું પાંદડું પણ આવી જાય તો બંને બાજુમાં હોવા છતાં લોઢાનું સોનુ ન થાય. ભગવાન પારસમણિ છે. આપણે લોઢુ છીએ. આપણે ભગવાન સાથે જ હોવા છતાં સોના જેવા કેમ થતા નથી? કારણકે આપણી અને ભગવાનની વચ્ચે રાગદ્વેષ, કામ, ક્રોધ વગેરે વાસનાઓરૂપી પાંદડું છે. તેથી પહેલા વાસનાનું ઉદાતિકરણ (sublimation) કરવું જોઈએ. ક્રોધ પોતાની જાત ઉપર કરવોઅને ઈચ્છાઓ સારી રાખવી, આમ, વાસનાનું ઉદાતિકરણ થશે. ધીરે ધીરે શુધ્ધ વાસના થઈ કે તરત જ ભગવાન ભેટવા આવશે. એક દિવસ વાસનાનું વસ્ત્ર ફેંકાઈ જશે તો પારસમણિ - ભગવાનનો સ્પર્શ આપણને થશે તો આપણે સોના જેવા સંત થઈ જઈશું.

***પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજીના પ્રવચન પરથી સંકલિત***
***પ્રેષક : બિહારીલાલ બુધ્ધભટ્ટી - રાજકોટ***

## દાદાજીની લાકડી

*દાદાજીની લાકડી વા’લી રે, દાદાજીને લાકડી વા’લી રે*
*લાકડી વા’લી, લાકડી વા’લી, લાકડી વાલી રે*
*દાદાજીને લાકડી વા’લી રે, દાદાજીને લાકડી વા’લી રે.*
*લાકડી લઈને ફરવા જાતા, ફરતા ફરતા ભજન ગાતા*
*હૈયામાં ઈ હોય હરખાતા, હાલી હાલી રે*
*દાદાજીને લાકડી વા’લી રે, દાદાજીને લાકડી વા’લી રે*
*ટેકે ટેકે ચાલતા દાદા, સાંજ સવારે હાલતા દાદા*
*તબિયત તાજી રાખે દાદા, હાલી હાલી રે*
*દાદાજીને લાકડી વા’લી રે, દાદાજીને લાકડી વા’લી રે*
*ફરવા જઈને પાછી આવે, લાકડી સાથે લેતા આવે*
*જીવનનો રંગ દાદા લાવે, હાલી હાલી રે*
*દાદાજીને લાકડી વા’લી રે, દાદાજીને લાકડી વા’લી રે.*

***પોમલ હીનલ પ્રકાશભાઈ - અંજાર***

# વ્યસનમુક્તિ કે જીવનમુક્તિ?

કહેવાય છે ને વેર, વૈભવ, વ્યસનને વ્યાજ વ્હાલા થઈ કરશે તારાજ.

વ્યસન શબ્દનો એક એક અક્ષર તેના દ્વારા થતી પાયમાલીનું સૂચન કરે છે.

વ્ય : વ્ય એટલે વ્યથામાં વધારો કરે

સ : સ એટલે સત્યથી ચલિત કરે.

ન : ન એટલે નફ્ફટ બનાવે.

નાનપણથી જ ઘર કરી ગયેલ સાડા ત્રણ અક્ષરનો શબ્દ 'વ્યસન' મોટપણે શરીરના સાડા ત્રણ કરોડ રૂંવાડે નરકની યાતના જગાવે ત્યારે બચવા માટે ઘણું મોડું થઈ ચૂક્યું હોય છે. પણ પાણી પહેલાં જ પાળ બાંધી હોય તો?

આઝાદ દેશની યુવાની આજે વ્યસનની ગુલામ બની ગઈ છે. WHO (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન) દ્વારા આયોજીત ગ્લોબલ યુથ ટોબેકોના સર્વેક્ષણ દ્વારા ચોંકાવનારી ગંભીર બાબત એ જાણવા મળી કે સમગ્ર ભારતમાં ખાસ કરીને અમદાવાદમાં ૮ થી ૧૦ ધોરણના વિદ્યાર્થીઓમાં ગુટખા - તમાકુનું સેવન સૌથી વધારે ૧૩.૯% પ્રમાણ છે અને શાળાના શિક્ષકોમાં તમાકુ - ગુટખાનું પ્રમાણ ૪૯.૪% છે.

તમાકુના ધૂમાડામાંથી ૪૦૦૦ પદાર્થો શોધી કાઢવામાં આવ્યા છે. તેમાંથી ૮% પદાર્થો કેન્સર થાય તેવા હોય છે. આ પદાર્થોમાં નીકોટીન, કાર્બન મોનોક્સાઈડ, હાઈડ્રોજન સાઈનાઈડ, બેન્ઝીન, ફિનોલ વગેરે હોય છે. તમાકુનું ધૂમ્રપાન કરો, પાન સાથે ચાવો, ચુના સાથે ખાઓ, તમાકુ બજરના રૂપમાં સુંઘો કે પેઢામાં તમાકુની માલીશ કરો તો કેન્સર થાય છે. તમાકુથી પેશાબની કોથળીનું કેન્સર, ગર્ભાશયના મુખનું કેન્સર, સ્વાદુપિંડનું કેન્સર, પુરૂષ જનનેન્દ્રિયનું કેન્સર, કિડનીનું કેન્સર પણ થાય છે. ૩૩% કેન્સર તમાકુને લીધે થાય છે. ધૂમ્રપાન કરનારાને તો કેન્સર થાય જ છે પણ ધુમાડાની અસરથી ઘરના સ્ત્રી અને બાળકો અને સંપર્કમાં આવતા તમામ લોકો, જે ધૂમ્રપાન નથી કરતા છતાં તેમને કેન્સર થઈ શકે છે. ધૂમ્રપાનથી વ્યક્તિના લોહીમાં ૨૦ મિનિટમાં તમાકુમાં રહેલ નીકોટીન નામનું ઝેર રસાયણ ભળી જાય છે.

તમાકુથી બે કરોડ લોકોને (૧) હૃદય અને લોહીની ધમનીના દર્દો જેવા કે • હાર્ટ એટેક, • લકવો, • ગેંગ્રીન થાય છે. (૨) ફેફસાના દર્દો જેવા કે • ફેફસા ફુલી જવા, શ્વાસનળીમાં રૂકાવટ, • ફેફસામાં સોજો અને આ બધાના કારણે ઉધરસ અને શ્વાસની તકલીફ થાય છે.

એક તારણ મુજબ રોજ એક બીડી, સીગારેટ પીનાર વ્યક્તિની જીંદગીની છ મિનિટના સમયનો ઘટાડો થાય છે અને રોજની ૨૦ બીડી પીનાર વ્યક્તિની જીંદગીમાં એક કલાક ઓછો થતો જાય છે. ૩૦ વર્ષનો યુવાન જે ૧૫ સીગારેટ રોજ પીવે છે તેની જીંદગી સાડા પાંચ વર્ષ ટુંકી થાય છે. ગર્ભવતી સ્ત્રીઓમાં ધૂમ્રપાનને કારણે ૧૭% સ્ત્રીઓને મૃત બાળકો જન્મે છે અને ૧૨% સ્ત્રીઓના બાળકો જન્મ પછી ટુંક સમયમાં જ મૃત્યુ પામે છે.

આ ઉપરાંત ઈ.સ. ૧૯૯૫માં રવિવારના દિવસે ઝી ટી.વી. પર તમાકુની આખી પ્રોસેસ દેખાડવામાં આવી હતી અને તેમાં જણાવાયું હતું કે તમાકુની બનાવટમાં નીકોટીન જેવા ઝેરી દ્રવ્યો ઉપરાંત ગરોળીની પૂંછડીનો પાવડર ઉમેરવામાં આવે છે. તેથી જે વ્યક્તિ તેનું એક વખત સેવન કરે તેને વારંવાર ખાવાનું મન થાય છે, નહિંતર તે બેચેની અનુભવે છે.

આજે વ્યસનમુક્તિ માટે ઘણા જ પ્રયત્નો થાય છે. સરકાર પણ બીડી સીગારેટ પર સૂચના લખાવે છે કે 'બીડી સીગારેટના વ્યસનથી કેન્સર થાય છે'. પણ એ સુચના વ્યસનીઓ વાંચે છે ખરા? ખરેખર તો સરકારે આવા ઉત્પાદનો બજારમાં આવવા જ ન દેવા જોઈએ.

ઈ.સ. ૧૯૯૦માં વિશ્વ આરોગ્ય સંસ્થાએ 'ધૂમ્રપાન કે આરોગ્ય?' એવું સુત્ર આપ્યું હતું. લોકોમાં જાગૃતિ લાવવા માટે દર વર્ષે ૩૧મી મે ના વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ધૂમ્રપાન નિષેધ દિન તરીકે જાહેર કરી લોકોને તમાકુ છોડવા અનુરોધ કરવામાં આવે છે પણ એટલું જ પૂરતું નથી. આજે જરૂર છે દરેક મા-બાપને જાગવાની. આજે જરૂર છે દરેકને આ વ્યસનના રાક્ષસથી બચવાની. તો જ વ્યસનમુક્તિ મળશે નહીં કે જીવન મુક્તિ.

*"નિર્વ્યસની બનાવે છે જીંદગીને ઉત્તમ,*
*વ્યસની તો કરે છે ખાનદાનીને ખતમ."*

***કુ. જીનલ પ્રવીણભાઈ સોલંકી - નાગલપુર (માંડવી)***

## SAFETY

*Up the street, I look to see,*
*If any traffic near me,*
*Down the street, I look as well*
*And listen for a horn or bell,*
*There something coming, Wait a bit,*
*If I run out, I may be hit,*
*But now the road is, nice and clear*
*No car or motor bus is near,*
*I will run and cross the road so wide*
*And so get safely to another side.*

***Kinjal Maheshkumar Soni - Gandhidham***

# SETU # 2ND PROOF # 20

# કાવ્યો

## ખુશી ઔર ગમ

ખુશી ઔર ગમ
જિંદગી કે દો અજીબ રંગ
ખુશી ઔર ગમ
યે દો અજીબ રંગકા ભી હૈ એક રંગ
ખુશી કી ભી હૈ
ખુશી ઔર ગમ
ગમ કી ભી હૈ
ખુશી ઔર ગમ
ખુશી હી ખુશી હૈ
વહાં ભી સતાતા હૈ કોઈ ગમ
ગમ હી ગમ હો
વર્ણ ભી લહેરાતી હૈ ખુશી કોઈ કોઈ પલ
જિંદગી કે દો અજીબ રંગ.
નારી અને ગાય
બંનેની સ્થિતિ સમાન ગણાય
જ્યાં પાલડ દોરે ત્યાં તેઓ જાય પણ હાય
ગાય તો, તો પણ 'ગૌમાતા' બની પૂજાય
નારી તો સમાજના દૂષણોનો શિકાર થાય.

**સરોજ હિતેન સોની - ભુજ**

## સ્વપ્નોમાં

સપનોમાં સપના સજાવી ગયા તમે,
ઉર ઉઠે ઉમરી થી જીવી ગયા તમે,
પ્રીતનાં અણસાર આપી ગયા તમે,
દિલનાં ઝખમ રૂજાવી ગયા તમે.,
મિલનની રાત મહેકાવી ગયા તમે,
સપનોમાં આવી બજાવી ગયા તમે.
પ્રેમમાં પ્યાસીને સપનોમાં તમે,
નયનોને નયનથી સમજાવી ગયા તમે.
સવાર થઈ સૂર સપનોમાં તમે,
હવે દિલની ધડકન મુરજાવી ગયા તમે.
સપનોમાં સપના સજાવી ગયા તમે....

**કટ્ટા પ્રકાશ પી. (શંભુ) - નખત્રાણા**

## નથી તે

પથ્થરની પ્રીતમાં કદી, મિણના હ્રદય નથી હોતા,
ભલા હોય સુંદર દેહ ભલે, હૈયા કુરૂપ નથી હોતા.
ને ઊંચા એવા શિખરોને, ક્યારેક મિનારા નથી હોતા
વેદનાગ્રસ્ત દિલને ક્યારેક આંસુના સહારા નથી હોતા
કહે ધરમ પરાયા તે પરાયા છે પણ,
ક્યારેક આપણા એ આપણા નથી હોતા...

**કટ્ટા પ્રકાશ પી. (શંભુ) - નખત્રાણા**

## કહેવી છે એક વાત - જમાનો છે વિજ્ઞાનનો....

સાંભળ્યું સહુને કહેતાં 'આ જમાનો છે વિજ્ઞાનનો'
'પણ કેમ કરે છે સહુ દેખાવો અજ્ઞાનનો?'
સગપણ જોડે ઉતાવળે સહુ પોતાનાં સંતાનનો,
પછી તોડી પાડે છે ઉતાવળે આશરો લઈ માનનો.
કેમ સમજાવવું કે, જમાને ભલે હશે વિજ્ઞાનનો,
પણ, હજુ આપણી સંસ્કૃતિનું વિશ્વમાં છે માન સંબંધોનો
સમજો આ બાબતને આશરો લઈ વિજ્ઞાનનો.
હોય પૂરા અંગોવાળો એક માનવી મજાનો,
કાપી આપે પોતાનો અંગ, હાથ કે પગ, હોય જે હ્રદયનો ખજાનો,
જાણજો આ માનવને કુટુંબ એક દીકરીનો.
હોય પૂરા અંગોવાળો એક માનવી મજાનો,
પૂરા અંગો હોવા છતાં, ટાંકા લઈ
જોડાવે અંગે હાથ કે પગ વધારાનો,
જાણજો આ માનવ ને કુટુંબ એક દીકરાનો.
દુ:ખ છે બેય માનવને અંગ કાપવાનો ને જોડવાનો,
પણ, આ છે જમાનો વિજ્ઞાનનો,
સર્જરી એમ કરાવે અંગે, ખ્યાલે ન પડે,
અંગ કાપવાનો કે જોડવાનો!
તેમ કુટુંબ બે બને એવા કે ખબર ન પડે,
એક સભ્ય ઘટવાનો કે એક સભ્ય વધવાનો!
સર્જરી પહેલાં સૌ કરતાં તૈયારીઓ,
મેળ કરતાં મન મજબુતીનો, તન તંદુરસ્તીનો ને વળી ગજવાના રૂપિયાનો!
તેમ સગપણ જોડતાં પહેલાં કરજો મેળ કુંડળીનો, કુટુંબની રીતભાતનો,
ને વળી વિચારસરણીનો!
જેમ વગર તૈયારીએ સર્જરી ફેલ જાય છે,
ને પસ્તાવો રહે છે, વગર વિચાર્યા પગલાંનો,
તેમ વગર વિચાર્યે સગપણથી, ક્યાંય બરબાદ ન થાય જીવન સંતાનનો
સમજી આ દાખલો સર્જરીનો,
પછી કહો બધાયે, કે હા! આજે જમાનો છે વિજ્ઞાનનો!

---

દૂરથી પગરવ
સંભળાયો કોઈ
ફુંકાતા વાયુની જેમ
મને મારાથી દૂર
લઈ ગયો કોઈ.

**સરોજ હિતેન સોની**

## સફળતાના દસ સૂત્રો

અમેરિકાના બંધારણના ઘડવૈયા થોમસ જેફરસન કહે છે કે નીચેના દસ સિધ્ધાંતો અનુસાર કામ કરશે તે અવશ્ય સફળતા પ્રાપ્ત કરી શકશે. સફળતાના શિખરો પણ એક પછી એક સર કરી શકે છે.

***આ રહ્યા થોમસ જેફરસને દર્શાવેલા દસ સિધ્ધાંતો :***

★ જે કામ તમે આજે કરી શકતા હો, તેને ક્યારેય કાલ પર મુલત્વી રાખશો નહીં.

★ જે કામ તમે જાતે કરી શકતા હો તે ક્યારેય બીજાને સોંપતા નહીં.

★ તમે જેટલું કમાયા હો તેનાથી વધુ ખર્ચ ક્યારેય પણ કરશો નહીં.

★ ખરેખર જેની જરૂર ન હોય તે વસ્તુ ક્યારેય પણ ખરીદશો નહીં પછી ભલે તે સસ્તામાં કેમ ન મળતી હોય.

★ ગુસ્સો આવે ત્યારે કાંઈ ન બોલતાં, પહેલા મનમાં દસ ગણી કાઢજો. ગુસ્સો બહુ ભારે હોય તો પૂરા સો ગણી કાઢજો.

★ ભૂખ અને તરસ કરતાં આત્મસંતોષને વધુ મહત્ત્વ આપજો.

★ કોઈ પણ કામ હાથમાં લ્યો ત્યારે ખૂબ સંભાળીને લેજો. સમય શક્તિ અને તમારી આવડતનો પૂરો કયાસ કાઢીને હાથમાં લેજો.

★ કોઈ પણ કામ કેટલી ઝડપે પૂરું કર્યું તેનાં કરતા કેવી રીતે પૂરું કર્યું તેને અગત્યનું માનજો.

★ ક્વોન્ટીટીને બદલે ક્વોલીટીને મહત્ત્વ આપજો.

★ કોઈ પણ કામ કરો તો સ્વેચ્છાએ ઉમળકાથી કરજો. તેમ કરવાથી તમને કામમાં રસ પડશે, તમારૂં કામ દીપી ઉઠશે.

***પ્રિયા પરમાર - અંજાર***

## એ દોસ્ત

*એ દોસ્ત તને લખું તો શું લખું*
*દિલથી લખું કે દિલની ધડકનથી લખું*
*એવું નથી કે નથીય યાદ અમને કે જુદાઈમાં*
*યાદ કરવાના કિસ્સા લખું*
*આ કાવ્યો શબ્દો કે હોય મિત્રો મારી જીંદગીનાં*
*એકલતાંના કિસ્સા લખું*
*સૂકાઈ ગયા છે એ શબ્દોના વ્હેલ*
*કે આ સંઘ ઘટનાના કિસ્સા લખું*
*એ દોસ્ત તને લખું તો શું લખું.*

***કટ્ટા પ્રકાશ પી. (શંભુ) - નખત્રાણા***

## પ્રભુકૃપા ક્વીઝ કોર્નર

'સેતુ'ના માર્ચના અંકમાં પ્રગટ થયેલ કોયડાનો ઉત્સાહભેર સાચો જવાબ લખી જણાવવા બદલ અભિનંદન. ગત અંકના કોયડાનો ઉકેલ નીચે મુજબ છે :

| | સ્ત્રી | પુરૂષ | બાળકો | | |
|---|---|---|---|---|---|
| | ૫ | ૧ | ૧૪ | = | ૨૦ |
| રોટલી | ૧૦ | ૩ | ૭ | = | ૨૦ |

આ કોયડાનો સાચો જવાબ લખી આપનારાઓ : (૧) બીજલાની સપના આર. - અમદાવાદ, (૨) મૈચા હીરાલાલ નાનજી - ભુજ, (૩) સોની દીપેન હિતેન્દ્રકુમાર - અંજાર, (૪) સોની પ્રતિક હસમુખલાલ - ખેડબ્રહ્મા, (૫) ગુજરાતી મિતેષ પી. - ભુજ, (૬) બુધ્ધભટ્ટી શીતલ એ. - ભુજ, (૭) પરમાર ગૌરાંગ ધનસુખભાઈ, પરમાર અપૂર્વ અરવિંદભાઈ - ભુજ, (૮) બીજલાની નિકુલ કનુભાઈ - અમદાવાદ, (૯) કટ્ટા વિદુલા કાંતિલાલ - આદિપુર, (૧૦) કોટડીયા ગૌરવ દીપકભાઈ - માંડવી.

આ પૈકી **પરમાર ગૌરાંગ ધનસુખભાઈ** તથા **પરમાર અપૂર્વ અરવિંદભાઈ - ભુજ** ભાગ્યશાળી વિજેતા જાહેર થયેલ છે. તેમને રૂા. ૧૦૧/-નું રોકડ ઈનામ **પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર** તરફથી આપવામાં આવે છે.

### *આ અંકનો કોયડો*

હવે આ અંકના કોયડામાં નીચેના પ્રશ્નોના સાચા જવાબ આપવાના છે :

૧. એવી કઈ વસ્તુ છે કે જે ખરીદીએ ત્યારે કાળા રંગની, વાપરીએ ત્યારે લાલ રંગની અને વાપરીને ફેંકી દઈએ ત્યારે ગ્રે રંગની હોય?

૨. એક વ્યક્તિ પાસે કેટલાક પક્ષીઓ છે. તે કહે છે મારી બે સિવાય બધા કબૂતર છે અને બે સિવાય બધા પોપટ છે અને બે સિવાય બધી ચકલી છે. તો તેની પાસે કુલ કેટલા પક્ષીઓ હશે અને તે કયા કયા?

૩. એક માણસ રાત્રે રૂમમાં પુસ્તક વાંચે છે ત્યારે તેની પત્ની રૂમની લાઈટો બંધ કરી દે છે અને રૂમમાં અંધારૂં થઈ જાય છે. તેમ છતાં તે માણસ સારી રીતે પુસ્તક વાંચે છે તો તે કેવી રીતે બને?

*ઉપરના પ્રશ્નોના જવાબ <u>તા. ૩૧-૭-૨૦૦૬ સુધી</u>, તંત્રીશ્રી, જ્ઞાતિસેતુને સરનામે લખી જણાવશો. સાચો જવાબ આપનાર ભાગ્યશાળી વિજેતાને* ***પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર*** *તરફથી રૂા. ૧૦૦/-નું રોકડ ઈનામ મળશે. તો થાવ તૈયાર... બેસ્ટ ઑફ લક...*

# આપણી જ્ઞાતિની પાંગરતી પ્રતિભાઓ



ભુજ તાલુકાના માનકુવા ગામની આપણી જ્ઞાતિની આ તેજસ્વી કન્યાનું નામ છે જાગૃતિ. એના પિતાશ્રી પ્રકાશકુમાર - એ નાનકડા ગામની સાધારણ દુકાનમાં નોકરી કરે છે. આ પરિવાર માટે એમની દીકરીને આજનું મોંઘું ભણતર અપાવવું કોઈ રીતે અનુકૂળ ન હોવા છતાં આ બાળાએ એની લગનથી અને પરિવારની હિંમતથી બારમા ધોરણ સુધીનો અભ્યાસ ટ્યુશન કે એવા કોઈ જ પ્રકારના આધાર વિના સ્વબળે પૂરો કર્યો. એટલું જ નહીં, આ તેજસ્વી બાળાએ બારમા ધોરણમાં ૯૦.૧૭% માર્કસ મેળવી સમસ્ત કચ્છમાં ત્રીજું અને સમસ્ત ગુજરાતમાં બારમું સ્થાન પ્રાપ્ત કર્યું.

વાત અહીં પૂરી થતી નથી. આ બાળાની ઉચ્ચ અભ્યાસની લગની જોઈ એના પરિવારે આર્થિક સંકડામણનો સામનો કરીને પણ એને અમદાવાદની H.L. BBA Collegeમાં એડમિશન અપાવ્યું છેં અને પ્રથમ વર્ષે ગુજરાત યુનિવર્સિટીની BBAની પ્રથમ વર્ષની પરીક્ષામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ધન્ય છે, આ બાળાની લગન અને એના પરિવારના સંઘર્ષને. આ બાળાની તેજસ્વી શૈક્ષણિક સફળતા બદલ 'સેતુ' આ બાળાને હાર્દિક અભિનંદન આપે છે અને સાથે સાથે શુભેચ્છા વ્યક્ત કરે છે કે એ એની બિઝનેસ એડમિનિસ્ટ્રેશન વિષયમાં નિપુણતા મેળવવાની મહત્ત્વાકાંક્ષામાં સંઘર્ષો છતાં સફળ થાય.



★ **શ્યામ સુરેશભાઈ સોલંકી (ભુજ)** એ ૨૦૦૪-૦૫માં B.Com. પૂર્ણ કરેલ. ટેક્ષેશન વિષયમાં T.Y.B.Com.માં એસ.પી. યુનિવર્સિટીમાં પ્રથમ નંબર મેળવેલ તે બદલ સુવર્ણ ચંદ્રક મેળવેલ. હાલમાં ICFAI યુનિવર્સિટીમાંથી M.B.A.નો અભ્યાસ ચાલુ છે.



★ **ચિ. જીનલ પ્રવીણભાઈ સોની**એ ધોરણ-૧૨ (કોમર્સ) (અંગ્રેજી મિડીયમ)માં ૮૬.૧૩% ગુણાંક મેળવ્યા છે. તેઓ શેઠ ખીમજી રામદાસ કન્યા વિદ્યાલય - માંડવીમાં પ્રથમ આવેલ છે.



★ **ચિ. દિશાંક મહેશચંદ્ર સોની (ગાંધીધામ - કચ્છ)** S.S.C. બોર્ડમાં ૮૫.૪૨% ગુણ મેળવી ઉત્તીર્ણ થયા છે.



★ **ચિ. પ્રણાલી અતુલ સોની (અમદાવાદ)** S.S.C. બોર્ડમાં ૮૩.૦૦% ગુણ મેળવી ઉત્તીર્ણ થયા છે.



★ **કોટડિયા માનસી દીપકકુમાર (માંડવી)** S.S.C. ની પરીક્ષામાં ૮૦.૮૬% ગુણ મેળવી ઉત્તીર્ણ થયા છે.



★ **રાજન નરેન્દ્ર કંસારા (અંજાર)** S.S.C. ની પરીક્ષામાં ૭૬% ગુણ મેળવી ઉત્તીર્ણ થયા છે.



★ **મનાલી એ. સોની (અંજાર)** S.S.C. ની પરીક્ષામાં ૭૨% ગુણ મેળવી ઉત્તીર્ણ થયા છે.



★ **રીનુ જગદીશભાઈ બુધ્ધભટ્ટી (ભુજ)** ધોરણ-૧૧ (સાયન્સ)ની પરીક્ષામાં ૮૫% ગુણ મેળવી ઉત્તીર્ણ થયા છે.



★ **સોની નીરા આર. (કચ્છ)** સુરેન્દ્રનગર ખાતે યોજાયેલ જુડોની સ્પર્ધામાં અંડર-૧૯ સ્કૂલ ગેમમાં દ્વિતીય ક્રમ મેળવેલ છે.



★ **આરોહી રાજેશભાઈ કોટડીયા**એ નિરમા ઈન્સ્ટીટ્યુટ ઓફ ડિપ્લોમા સ્ટડીઝમાં કેમીકલ એન્જીનીયરીંગના ૧લા સેમેસ્ટરની પરીક્ષામાં ૯૧% ગુણ મેળવી દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે.



★ **દિપાલી છોટાલાલ બુધ્ધભટ્ટી (મસ્કત)** ધોરણ-૧૨ (CBSE)મા ૮૭.૦% માર્કસ સાથે પાસ થયેલ છે. હાલમાં પૂના ખાતે કોલેજમાં અભ્યાસ કરી રહ્યા છે. શ્રી છોટાલાલ બુધ્ધભટ્ટી છેલ્લા ૩૦ વર્ષથી મસ્કતમાં રહે છે.

# પ્રતિભાવ

***પ્રમુખશ્રી, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અમદાવાદ***

*"वादे अक्सर टूट जाते हैं, कोशिशे ही कामियाब होती है,*
*अंधेरा लाख रहे मगर, हर रात की एक सुबह होती है।"*

આજના સમયમાં જ્યારે કોઈપણ વ્યક્તિ કોઈ જાહેર જવાબદારી અથવા પદ સંભાળે છે, ત્યારે તેના દ્વારા અનેક વાયદાઓની જાહેરાત થતી હોય છે. મહદ્ અંશે આ વાયદાઓ 'હોંશ' કરતાં 'જોશ'થી પ્રેરાઈને કરાતા હોય છે. જે 'જોશ' વિસરતાં પૂરા કરવા ખાસ્સી જહેમત ઉઠાવવી પડતી હોય છે. ત્યારે ઉપરોક્ત પંક્તિઓ 'કોશિશ'ની મહત્તા સ્પષ્ટ કરે છે.

શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અમદાવાદ, મારા મત પ્રમાણે, કોઈપણ વાયદાઓથી વિશેષ જ્ઞાતિશ્રેય માટે 'પ્રયત્નશીલ' રહી છે અને જેથી દરેક પ્રયત્ન, કોશિશનું ઉચ્ચ પરિણામ ફક્ત અમદાવાદ જ નહીં, પરંતુ અન્ય શહેરોની આપણી જ્ઞાતિને પણ પુષ્ટતા બક્ષે છે. તે પ્રયત્નોમાં, પરિવાર પરિચય પુસ્તિકા હોય, જ્ઞાતિનું મુખપત્ર 'સેતુ' હોય કે પછી મેડિકલ હેલ્પલાઈન અને મેડિકલ ફંડ હોય.

આ પ્રયત્નોમાં જ્ઞાતિ મુખપત્ર 'સેતુ'ના પ્રકાશન દ્વારા આપણી સંપૂર્ણ જ્ઞાતિને ઉચ્ચ જીવન માટેનાં વૈચારિક ભાથુ પુરૂં પાડવા તથા જ્ઞાતિજનોને વધુ નીકટ લાવવાનો પ્રયત્ન સર્વાધિક સફળ થઈ રહ્યો છે. આ મુખપત્ર ફક્ત પરિવારનાં વડીલો, મોભીઓ માટે જ નહીં પણ યુવાનો તથા બાળકોનું પણ આકર્ષણનું કેન્દ્ર બની, ફક્ત 'માહિતી પત્રક' જ નહીં પરંતુ સંબંધો બાંધી તેની મહિમા જાળવવાનું પ્લેટફોર્મ પણ બને તેવી અભિલાષા રહી છે. અને તે માટે જ્યાં જ્યાં આવશ્યક જણાયું ત્યાં મારી યોગ્યતા મુજબ હું વિષયવસ્તુ મોકલતી રહી છું. આ 'સેતુ' દ્વારા જ આપશ્રીનું, શ્રી અતુલભાઈ, શ્રી શૈલેષભાઈ, શ્રી રાજુભાઈ અને એક એવા વ્યક્તિત્વ કે જેઓની પ્રતિભાનાં પ્રકાશે મને પણ મારી યોગ્યતાનું ભાન કરાવ્યું તેવા શ્રી હંસરાજ અંકલનો પરિચય જ નહીં, પણ સંબંધો બંધાયા તથા તે સંબંધોની મહિમા સતત વૃધ્ધિ પામતી આવી છે. તદુપરાંત અન્ય જ્ઞાતિ શ્રેષ્ઠીઓ અને જ્ઞાતિજનોનો પણ પરિચય થયો. 'સેતુ'એ મારા જીવનને આ પ્રદાન આપ્યું છે. 'સેતુ'ના આ પ્રત્યક્ષ પ્રદાનથી જ્ઞાતિ યુવાવર્ગ પરિચિત થઈ, આવું પ્રદાન મેળવવા અગ્રેસર થાય તેવી અભિલાષા સેવું છું.

અને હવે જ્યારે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અમદાવાદ જ્ઞાતિ મંડળ કારોબારીએ 'સેતુ'ના તંત્રી મંડળમાં મને સમ્મિલિત કરી છે ત્યારે તે બદલ આપ સહિત, જ્ઞાતિ મંડળ કારોબારી તેમજ શ્રી હંસરાજ અંકલ, શ્રી અતુલભાઈ અને સેતુ વ્યવસ્થાપક સમિતિનો આભાર માનું છું. આપ સર્વે દ્વારા આ ઉત્તમ 'પ્રયત્ન'માં મને એક મહત્ત્વપૂર્ણ દાયિત્વ સોંપ્યું છે. મારા આ દાયિત્વને નિભાવવા સંન્નિષ્ઠ પ્રયાસ, કોશિશ કરીશ. આ દાયિત્વને નિભાવવા માટે મારી યોગ્યતાની સાથે સાથે આપ સર્વેના આશીર્વાદ, માર્ગદર્શન, કેળવણી અને સાથની અભિલાષા સેવું છું.

***કુ. એકતા કટ્ટા - અંજાર***

> ***અંજાર જ્ઞાતિના કુ. એકતા કટ્ટા - સેતુ તંત્રી મંડળમાં સામેલ થતાં, અમદાવાદ જ્ઞાતિ મંડળનાં પ્રમુખશ્રીને એમનો - જે લાગણીસભર પ્રતિભાવ વ્યક્ત કર્યો, તેને પ્રકાશિત કરતાં સેતુ તંત્રી મંડળ ગૌરવ અનુભવે છે અને કુ. એકતા કટ્ટાને આવકારે છે. — તંત્રી***

## ભણતર

'કાશ! આપણે વધારે ભણ્યા હોત તો આજે આપણી આ હાલત ન થાત! પણ હવે શું થાય?' આ શબ્દો આપણા ઘણા યુવાનો બોલી રહ્યા છે. જ્યારે આપણે ધંધામાં પડતી હોય ત્યારે ખાસ કરીને પડતીના દિવસોમાં આપણને અચૂક ખ્યાલ આવે કે આપણે પહેલાં ભણ્યા હોત તો આજે આપણા આ હાલ ન થયા હોત.

દા.ત. એક જ પરિવારના ત્રણ ભાઈઓ એક જ ધંધામાં રોકાયેલા છે. હવે માની લો કે ધંધામાં મંદી - નુકસાની આવી ત્યારે ત્રણે ભાઈઓ એકબીજાને મદદરૂપ નથી થઈ શકતા કારણકે ત્રણે ભાઈઓ તકલીફમાં છે.

ભાઈઓ, ભણતર એ એવી ખાણ છે કે તેમાંથી મૂલ્યવાન હીરાઓ મળે છે જેવા કે ડૉક્ટર, વકીલ, મેનેજર, પ્રોફેસરો, એંજીનીયર, શિક્ષકો વગેરે તેમાંથી જ ઉત્પન્ન થાય છે.

કાશ! હવે આપણી પેઢીને બોલવાનો વખત ન આવે.

***જીનેશ કાંતિલાલ બુધ્ધભટ્ટી - માધાપર (ભુજ, કચ્છ)***

## સવાર

*ફુલો પર બાઝેલા ઝાકળમાં નાહીને સોહામણા સ્વપ્નો સરી ગયા*
*એ સ્વપ્નોના સુંવાળા પગલાં શોધતા શોધતા તારાઓ અદશ્ય થયા*
*અંધારા આછા થયા એટલે વૃક્ષોના ચહેરા ખીલવા લાગ્યા*
*શીતળ ચાંદીનીથી ભીના વાદળાં ચંદ્રનું સ્મરણ કરતાં કરતાં સરકી ગયા*
*ઘાસથી લીલીછમ ક્ષિતિજોને આંબવા માટે*
*લયબધ્ધ ગીતની પંક્તિના જેવી વેગપૂર્વક*
*દોડતી મારી આછા કંપનથી મારા હૃદયને*
*રમાડી તેમજ પાંદડામાં પાંદડું થઈ ઠરી ગઈ.*
*ડોલતાં વૃક્ષની ડાળી આનંદના ભારથી લચી ગઈ*
*પંખીનો ટહુકો ગૂંજી ઉઠ્યો ને મુગ્ધ થઈને*
*મધુર કંઠને પાંદડામાં વહેતો વહેતો કરી દીધો.*

***કુ. આરોહી કોટડીયા - અમદાવાદ***

# જય બાબા અમરનાથ

દિનેશ સી. પોમલ - અંજાર

## બાબા અમરનાથ યાત્રા રૂટ-૨

*જમ્મુ-કશ્મીર કી વાદી મે*
*ભોલે શંકર કી શાદી મેં*

કચ્છથી, રાજકોટથી અને અમદાવાદથી રેલ્વે રસ્તે જમ્મુ પહોંચવાનું થાય છે.

કચ્છથી કુલ ૧૫ દિવસમાં પૂર્ણ થતી આ પવિત્ર અમરનાથ યાત્રામાં જવા ઇચ્છનાર યાત્રીકે જમ્મુ કશ્મીર સરકાર દ્વારા કરવામાં આવતું રજીસ્ટ્રેશન કરાવવુ પડે છે. આ એપ્લીકેશન જમ્મુ-કાશ્મીર બેંકની શાખામાંથી ઉપલબ્ધ છે. ગુજરાતમાં અમદાવાદ, વડોદરા-સુરતમાં બેંકની શાખા છે. આ રજીસ્ટ્રેશન મામુલી ફી લઈ કરવામાં આવે છે. સાથે બે ફોટા (પાસપોર્ટ સાઇઝના) અને ડોક્ટરી ફિટનેસ સર્ટી. સામેલ કરવાનું હોય છે. જેમાં દર્શનની તારીખ અને રૂટ દા.ત. બાબતાલ અથવા પહેલગામ. જે અરજી ફોર્મમાં નક્કી કરવામાં આવે છે અને તે રૂટ પર જ ચાલવાનું રહે છે.

જમ્મુ પહોંચ્યા બાદ પહેલગામ જવા માટે બસ અથવા સુમો મળી રહે છે. પહેલગામ પહોંચ્યા બાદ ચંદનવાડી જવા માટે મીની બસ મળી રહે છે જે તળેટીનું સ્થાન અમરનાથ યાત્રા માટે પહેલગામ રૂટમાં શરૂઆતનું સ્થાન છે.

આ ચંદનવાડી સમુદ્ર લેવલથી ૭૫૦૦ ફુટની ઉંચાઇ પર છે. ચંદનવાડી સુધી બસમાં પહોંચ્યા બાદ હવે પગે, ઘોડાથી અથવા ડોલી અથવા હેલીકોપ્ટર દ્વારા જઇ શકાય છે. સવારે પગપાળા ચાલુ થવાય. ત્યાંથી બરાબર ૨૦૦૦ ફુટની ઉંચાઇ પર પિષુ ટોપ આવે છે પિષુ ટોપમાં, જમવા તથા ચા નાસ્તા માટે ઘણી સેવાભાવી સંસ્થા દ્વારા વ્યવસ્થા કરવામાં આવે છે. રસ્તામાં ઘણા બધા નાના મોટા પાણીના ઝરણા, નાના મોટા પુલ બનાવવામાં આવેલ છે. ત્યાંથી વીસામા બાદ આગળ વધતા ૧૧૫૦૦ ફુટની ઉંચાઇ પર શેષનાગ નામનું સ્થળ આવે છે. અહી ચંદન વાડીથી શેષનાગ ૧૨ કિ.મી. જેટલું દૂર થાય છે ઉંચા નીચા રસ્તા તથા નાની કેડી જેવા રસ્તામાં ચાલતા થાકી જવાય છે અહીં પહેલો પડાવ આવે છે. અહીં રાત્રી રોકાણ કરવું. અહી રાત્રી રોકાણ માટે ઘણા બધા ભંડારા તથા ટેન્ટ ભાડે મળે છે. જમવાની તથા રહેવાની ઉત્તમ સગવડ છે. સવારે ઉઠતા જ તમને સામે જ શેષનાગ જેવો દેખાતા પર્વતના દર્શન થાય છે. આને કારણે જ આ જગાનું નામ શેષનાગ પાડવામાં આવ્યુ છે. શેષનાગમાં વિશાળ-ઠંડા પાણીનો ઝરણો છે ત્યાં નાહી અને આગળ વધવાનું હોય છે.

ત્યારબાદ પગપાળા ચાલતા-ચાલતા લગભગ ૧૪૮૦૦ ફુટની ઉંચાઇ પર મહાગુનુશ ટોપ આવે છે જ્યાં તમારી નજર પડે ત્યાં બરફ-બરફ અને બરફ દેખાય છે. સાઇડમાં ઠંડા પાણીના ઝરણા. બરફમાં રહેનારા અલગ પ્રકારના જનાવર પણ ત્યાં નજર આવે છે. અહીં થોડો આરામ કરી આગળ જતા પંચતારણી લગભગ ૧૧૫૦૦ ફુટની ઉંચાઇ પર છે જે શેષનાગથી લગભગ ૧૨ કિ.મી. જેટલુ અંતર થાય છે. મહાગુનુશ ટોપથી નીચે ઉતરવાનું આવે છે. લગભગ ૩૦૦૦ ફુટ જેટલું. વરસાદમાં અહી ચાલવામાં ખુબજ તકલીફ પડે છે લપસી ન પડાય તે માટે હાથમાં લાકડી હોવી ખુબજ જરૂરી છે. અહી પંચતારણીમાં રાત્રી મુકામ કરવામાં આવે છે. અહીં પણ તથા રસ્તામાં ચાલતા મોટી જગા આવતા ઘણી- બધી સેવાભાવી સંસ્થા દ્વારા ભંડાર/લંગરની સેવા આપવામાં આવે છે આ ભંડારામાં/લંગરમાં રહેવાની, જમવાની તથા ડોક્ટર અને દવાની સેવા વિના મુલ્યે ઉપલબ્ધ હોય છે. લગભગ બધા જ ભંડાર/લંગરમાં ડોક્ટરની તથા દવાની વ્યવસ્થા હોય જ છે અને સાથે મીલ્ટ્રી કેમ્પમાં પણ આ સેવા મળે છે. તથા જમ્મુ-કશ્મીર સરકાર દ્વારા પણ આવી સેવા આપવામાં આવે છે.

પંચતારણથી ૧૦૦૦ ફુટની ઉંચાઇ પર અંત સીડી પડી આવે છે જે પંચતારણીથી ૨ કિ.મી. થાય છે અહીં આરામ માટેની વ્યવસ્થા છે અને ત્યાંથી બરફમાં ચાલતા-ચાલતા પંચતારણીથી ૬ કિ.મી. દુર બાબા અમરનાથની પવિત્ર ગુફા આવેલી છે દુરથી ગુફા દેખાતાની સાથે પ્રવાસીને જલ્દીથી ત્યાં પહોંચવાની મનમાં ઇચ્છા થઇ આવે છે. અહીં બાબતાલથી આવતા પ્રવાસી પણ સામેલ થઇ જાય છે સમુદ્ર લેવલથી ૧૩૫૦૦ ફુટની ઉંચાઇ પર હજારો માણસો એક સાથે ભેગા થાય છે. અહી ગુફાની બહાર ૩ કિ.મી. સુધી સપાટ મેદાન છે જેમાં ઘણા બધા ટેન્ટ લાગેલા હોય છે રાત્રી મુકામ માટે તથા ઘોડા બાંધવાની જગા પણ હોય છે. આ બન્ને રૂટના પ્રવાસ પર લગભગ ૨૫૦૦ જેટલા ઘોડા હોય છે તથા અહી હેલીપેડ બાંધવામાં આવ્યો છે. અહી એક સાથે બેથી ત્રણ હેલીકોપ્ટર બરફમાં ઉતરી શકે તેટલી વિશાળ જગા છે. બધી બાજુ ડુંગર નજર આવે છે. ગુફામાં પવિત્રજળનો ધોધ પણ વહે છે જેને અમૃતજલ કહેવામાં આવે છે. આ જલ ગંગા જલ જેવો જ પવિત્ર છે. આ ગુફામાં પડતો ધોધને શંકરજીની જટામાંથી પડતો ધોધ પણ માનવામાં આવે છે. આ ધોધ ક્યાંથી આવે છે અને નીચે ક્યાં જાય છે તેની ખબર પણ પડતી નથી.

બાબાના દર્શન કર્યા પછી આ રૂટ પર પરત આવતા

# SETU # 2ND PROOF # 30

તેજ રીતે ચંદનવાડી તરફ જવા માટે પંચતારણી પહેલું મુકામ અને ત્યારબાદ પંચતારણીથી શેષનાગ બીજો મુકામ અને શેષનાગથી ચંદનવાડીથી બસ દ્વારા પહેલગામ. આ રીતે નીચે પાછા અવાય છે અહીંથી પહેલગામથી શ્રીનગર તથા જમ્મુ જવા માટે નાના-મોટા વાહનો મળી રહે છે પ્રવાસીને વધુ ફરવાની ઈચ્છા હોય તો શ્રીનગર, ગુલમર્ગ, સોનમર્ગ ફરી શકે છે અને વળતા માતા વૈષ્ણોદેવી પણ જઇ શકે છે અને ડાયરેક્ટ જમ્મુ માટે પણ બસ મળે છે જમ્મુથી ટ્રેન દ્વારા અમદાવાદ-રાજકોટ તરફની ટ્રેન મળે છે.

આ પ્રવાસ માટે જવાની તથા રીટર્ન ટીકીટ બુક કરાવવી જરૂરી છે. આ પ્રવાસમાં સાથે લાવવામાં ખભાનો થેલો, કપુર, ગરમ કપડા, બરફમાં ચાલવાના બુટ, લાકડી, બેટરી, દવા, પ્લાસ્ટીકનો મોટો કલરીંગ ટુકડો રાખવો જરૂરી છે.

બાબતાલથી અથવા પહેલગામથી પરત તેજ સ્થળે પહોંચતા રહેવાની તથા જમવાની ઉત્તમ સગવડ હોતા રહેવાની તથા જમવાનો કોઇ ખર્ચ લાગતો નથી.

ઘોડા-ટટ્ટુ તથા ડોલીનો ચાર્જ જમ્મુ એન્ડ કશ્મીર ગર્વનમેન્ટે નક્કી કર્યા મુજબનો હોય છે.

અલગથી રહેવા માટે ટેન્ટ પણ નોર્મલ ચાર્જમાં મળી રહે છે. સાથે ગુફામાંથી ઉપરથી બરફમાંથી પડતો ટીપો-ટીપો સ્વરૂપે પડતો પાણી જાણે માણસને (પ્રવાસીને) પવિત્ર કરી અને ગુફામાં દાખલ થવા દે છે ઉપર જમણી તરફ નાના-નાના ખાંચામાં ક્યાંક કબુતર પણ જોવામાં આવે છે અહી રાત્રી રોકાણ કરવાનો એક લ્હાવો છે. રાત્રે અહીંનું તાપમાન માઈનસ ડિગ્રીમાં જાય છે પરંતુ દિવસ દરમ્યાન બરફમાં પણ તમને ગરમીનો અનુભવ થાય છે. પરંતુ સાંજના ૪ વાગ્યા પછી અંધારો શરૂ થાય છે. અહીં વહેલો સુર્યોદય તથા વહેલુ સુર્યાસ્ત થાય છે. આ બરફ પર અલગ-અલગ જાતના જનાવરો તમને જોવા મળે છે. બાબા અમરનાથજીના દર્શન પછી પ્રવાસીએ રજીસ્ટ્રેશન ફોર્મમાં ભર્યા મુજબ પરત જવાનું હોય છે પરંતુ ઘણા પ્રવાસી વળતામાં બાબતાલ રૂટ પરથી પણ નીચે ઉતરે છે. જેટલુ બરફમાં ઉપર ચડવુ કઠીન છે તેટલુ જ નીચે ઉતરવું પણ સહેલુ નથી. પ્રવાસીની એક ભુલ બીજાને મુશ્કેલીમાં મુકી શકે છે. બન્ને રૂટમાં એક તરફ ઉંચો પહાડ તો બીજી તરફ ૧૦૦થી ૧૫૦ ફુટની ખાઇ અને ખાઇમાં વહેતો બરફનો ઠંડો પાણી પ્રવાસી ઉપરથી પડતા કદાચ બચી જાય પણ ઠંડા પાણીમાં તે લગભગ થીજી જ જાય છે.

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - માધાપર

### કારોબારી સમિતિ - ૨૦૦૬

| *હોદ્દો* | *નામ* | *ફોન નંબર* |
|---|---|---|
| પ્રમુખશ્રી | શ્રી હસમુખલાલ કેશવજી મૈચા | ૯૪૨૬૨ ૪૪૬૫૧ |
| ઉપપ્રમુખ | શ્રી મનસુખલાલ વેલજી પરમાર | ૯૮૭૯૫ ૧૪૯૨૮ |
| મંત્રી | શ્રી દિલીપ લાલજીભાઈ બીજલાણી | ૯૨૨૮૧ ૨૯૭૪૮ |
| સહમંત્રી | શ્રી મુકેશ એલ. બારમેડા | ૯૮૨૫૩ ૯૪૪૮૦ |
| ખજાનચી | શ્રી ભરત મુળજીભાઈ ચૌહાણ | ૯૮૨૫૫ ૫૩૫૩૦ |
| સહ ખજાનચી | શ્રી હસમુખ બાબુલાલ બુધ્ધભટ્ટી | ૯૩૯૪૩ ૩૫૩૯૩ |

### કારોબારી સભ્યો

| | |
|---|---|
| શ્રી સતીષ આઈ. હેડાઉ | ૯૮૭૯૯ ૨૮૭૪૯ |
| શ્રી અમૃતલાલ વી. કટ્ટા | |
| શ્રી જગદીશ વી. સાકરીયા | ૨૪૧૪૩૯ |
| શ્રી ચંદ્રકાંત વી. કોટડીયા | ૨૦૯૫૦૮ |
| શ્રી દીપક ડી. પોમલ | ૯૩૭૭૪ ૧૫૧૧૬ |
| શ્રી મનોજ આર. બુધ્ધભટ્ટી | ૯૮૨૫૭ ૬૬૫૪૫ |
| શ્રી વિજય એમ. બુધ્ધભટ્ટી | ૯૯૨૫૫ ૭૨૦૩૦ |
| શ્રી શશીકાંત જે. બુધ્ધભટ્ટી | ૯૮૨૫૫ ૧૪૬૬૨ |
| શ્રી પ્રભુલાલ કે. સોની (સોલંકી) | ૯૪૨૬૮ ૦૩૪૬૮ |
| શ્રી હિતેશ એમ. પરમાર | ૯૪૨૭૪ ૪૩૮૭૪ |
| શ્રી જયસુખ જે. બારમેડા | - |
| શ્રી રાજેશ જેઠાલાલ મૈચા | ૨૪૦૬૭૨ |
| શ્રી ભરત ચંદુલાલ પોમલ | ૯૯૨૫૦ ૬૬૪૨૩ |
| શ્રી ભાવેશ બંસીલાલ મૈચા | ૯૮૨૪૮ ૨૯૦૩૫ |
| શ્રી નીલેશ ભાઈલાલ બુધ્ધભટ્ટી | - |
| શ્રી મનસુખલાલ બુધ્ધભટ્ટી | ૯૮૨૪૨ ૭૯૮૪૪ |
| શ્રી મહેન્દ્ર કાંતિલાલ બારમેડા | ૯૪૨૬૨ ૫૧૭૫૯ |
| શ્રી રામજીભાઈ હરીલાલ સોલંકી | ૯૮૨૫૯ ૯૩૨૪૬ |
| શ્રી પ્રીતેશ ધીરજલાલ બુધ્ધભટ્ટી | ૯૮૨૫૩ ૯૩૨૪૬ |
| શ્રી રાજેશ આઈ. કટ્ટા | - |

***માધાપર જ્ઞાતિમંડળની નવરચિત કારોબારી સમિતિને સેતુ પરિવારના હાર્દિક અભિનંદન.***

## ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રના વિદ્યાર્થીઓ માટે સિલ્વર મેડલ

ભુજ નિવાસી શ્રી સમીરભાઈ કંસારાએ તેમના દાદા સ્વ. ઠાકરશી પી. કંસારા (નિવૃત્ત ન્યાયાધીશ)ની સ્મરણાર્થે M.B.B.S., M.S., B.H.M.S., B.A.M.S., M.B.A., M.C.A., C.A., C.S., I.C.W., Engineeringની ફાઈનલ કે ઈન્ટરમિડીયેટ પરીક્ષા પાસ કરેલ હોય તેમને સિલ્વર મેડલ આપવાની ઈચ્છા વ્યક્ત કરેલ છે. યોગ્ય વિદ્યાર્થીઓએ તેમના નામો જે તે શહેરની જ્ઞાતિ સંસ્થાને મોકલવા વિનંતી છે.

શુભેચ્છા સહ....

વિજય પી. સોની
સંજય પી. સોની





**સોની પ્રેમજીભાઈ કેશવજીભાઈ**

સોના KDMના ફેન્સી દાગીના બનાવનાર તથા વેચનાર

હાઈવે રોડ, મુ. વડાલી (જી. સાબરકાંઠા)
ફોન : (૦૨૭૭૮) (દુકાન) ૨૨૨૧૩૬ (રહે.) ૨૨૨૨૫૩
મો. : (સંજય) ૯૪૨૭૩ ૬૫૩૭૮ ● (વિજય) ૯૪૨૭૩ ૬૫૩૭૭

અતુલ પી. સોની



**રૂપ જ્વેલર્સ**

સોના ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર

દેના બેંક પાસે, મુ. ઈડર (જી. સાબરકાંઠા)
ફોન : (દુ) ૦૨૭૭૮-૨૫૦૩૮૮, (રહે.) ૦૨૭૭૮-૨૨૨૨૫૩
મો. : ૯૪૨૬૩ ૬૫૪૩૫


## 'જ્ઞાતિ સેતુ' માટે જાહેરાતના ભાવ

| | બ્લેક/વ્હાઈટ | કલર |
|---|---|---|
| ● છેલ્લું ટાઈટલ | ૧૨૦૦/- | ૨૦૦૦/- |
| ● અંદરનું બીજું/ત્રીજું ટાઈટલ | ૯૦૦/- | ૧૫૦૦/- |
| ● આખુ પાનું | ૬૦૦/- | ૧૦૦૦/- |
| ● અડધું પાનું | ૪૦૦/- | ૬૦૦/- |
| ● ૧/૪ પાનું | ૩૦૦/- | ૪૫૦/- |

પ્રથમ વખતે ડિઝાઈનીંગ તથા પોઝીટીવ ચાર્જ નીચે મુજબ અલગથી આપવાનો રહેશે. : કલર જાહેરાત : ૫૦૦/- રૂા. ● બ્લેક-વ્હાઈટ : ૨૫૦/- રૂા.

જા.ખ.ની રકમ "*શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ*"ના નામે ચેક/ડ્રાફ્ટ અથવા રોકડ નીચેના સરનામે મોકલવા વિનંતી.

ધવલ જ્વેલર્સ, ૧૪, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

# "જ્ઞાતિ-સેતુ"ના નવા સભ્યોની યાદી

*દેશના વિવિધ વિસ્તારોમાંથી તથા વિદેશમાંથી સેતુ પરિવારમાં જોડાઈ રહેલ સર્વે જ્ઞાતિજનોને અમો સહર્ષ આવકારીએ છીએ.*

| | |
|---|---|
| ૧. જયેન્દ્ર કે. સોની | આદિપુર |
| ૨. અરૂણ ટી. કંસારા | ગાંધીધામ |
| ૩. વિનોદ એલ. સોની | ગાંધીધામ |
| ૪. ભરત ટી. સોની | ગાંધીધામ |
| ૫. ડો. સુધીર બી. સાકરીયા | ગાંધીધામ |
| ૬. પ્રકાશ જે. સોની | ગાંધીધામ |
| ૭. સોની પ્રાણલાલભાઈ જે. સોલંકી | ગાંધીધામ |
| ૮. હરીલાલ એલ. સોની | અંજાર |
| ૯. સમીર આર. કંસારા | ભુજ |
| ૧૦. અમૃતલાલ જેઠાલાલ સોલંકી | ભુજ |
| ૧૧. હર્ષદ ડી. બુધ્ધભટ્ટી | ભુજ |
| ૧૨. હીરાલાલ ડી. બુધ્ધભટ્ટી | ભુજ |
| ૧૩. રસીકલાલ ઝવેરીલાલ શીવજી બુધ્ધભટ્ટી | ભુજ |
| ૧૪. મદનભાઈ ઝવેરીલાલ બુધ્ધભટ્ટી | ભુજ |
| ૧૫. ચંદ્રકાંત ઝવેરીલાલ બુધ્ધભટ્ટી | ભુજ |
| ૧૬. હર્ષદ ઝવેરીલાલ બુધ્ધભટ્ટી | ભુજ |
| ૧૭. વિનય રસીકલાલ બુધ્ધભટ્ટી | ભુજ |
| ૧૮. પ્રાણલાલ નરભેરામ સોની | ભુજ |
| ૧૯. બિપીન જટાશંકર સોની | ભુજ |
| ૨૦. પ્રદીપ મગનલાલ ચનાણી | ભુજ |
| ૨૧. વિનોદ મગનલાલ ચનાણી | ભુજ |
| ૨૨. પ્રાણલાલ ઓધવજી બારમેડા | ભુજ |
| ૨૩. હરીરામ જેરામ સોલંકી | અંજાર |
| ૨૪. સુરેશ પુરૂષોત્તમ સોની | અંજાર |
| ૨૫. ચંપક પુરૂષોત્તમ સોની | અંજાર |
| ૨૬. અરૂણ પુરૂષોત્તમ સોની | અંજાર |
| ૨૭. સોની છગનભાઈ નારાણજી હેડાઉ | અંજાર |
| ૨૮. શ્રીમતી સુશીલાબેન સાકરીયા | અંજાર |
| ૨૯. નરેન્દ્ર વાલજી બુધ્ધભટ્ટી | અંજાર |
| ૩૦. પ્રવીણકુમાર લક્ષ્મીદાસ સોલંકી | માંડવી |
| ૩૧. સુરેશ પી. સોલંકી | માંડવી |
| ૩૨. રમેશ એચ. સોલંકી | માંડવી |
| ૩૩. હરેશ નરશી બારમેડા | માંડવી |
| ૩૪. રમેશ વી. બીજલાની | માંડવી |
| ૩૫. વિંદોર વી. હેડાઉ | માંડવી |
| ૩૬. સોની હીરાલાલ જેઠાલાલ | ભુજ |
| ૩૭. સોની હિતેન ચંદ્રકાંત | ભુજ |
| ૩૮. પોમલ નિખિલ પ્રેમજીભાઈ | ભુજ |
| ૩૯. સુરેન્દ્ર માવજીભાઈ સોની | ભુજ |
| ૪૦. કીર્તિભાઈ જેરામ બુધ્ધભટ્ટી | ભુજ |
| ૪૧. સોની રસીકભાઈ જેઠાલાલ છત્રાળા | ભુજ |
| ૪૨. સોની ધનસુખભાઈ ગોવિંદજી | ભુજ |
| ૪૩. જેઠાલાલ દેવજી સોની, મુ.ઢોરી | ભુજ |
| ૪૪. અરવિંદકુમાર લખમશી કટ્ટા | ભુજ |
| ૪૫. સતીષ ઈન્દ્રજીત હેડાઉ | માધાપર |
| ૪૬. સોની કાંતિલાલ કેશવજી | કોટડા (ચકાર) |
| ૪૭. સોની કીર્તિકુમાર મોહનલાલ | કોટડા (ચકાર) |
| ૪૮. સોની ત્રિકમજી રવજીભાઈ | ગઢશીશા |
| ૪૯. સોની શાંતિલાલ મીઠુભાઈ | દહીંસરા |
| ૫૦. સોની ઈશ્વરલાલ નેણશી | દહીંસરા |
| ૫૧. બારમેડા હીરાલાલ ખીમજી | સુખપર |
| ૫૨. પોમલ હિતેશ ફુલચંદ | બળદીયા |
| ૫૩. કટ્ટા ગંગારામ કરશનદાસ | નખત્રાણા |
| ૫૪. ભુત રસીકભાઈ કલ્યાણજીભાઈ | જામનગર |
| ૫૫. સોની જીતુભાઈ કાનજીભાઈ | નારણપર |
| ૫૬. સોની વિનોદકુમાર એલ. | ભીલોડા |
| ૫૭. સોની જયેશકુમાર ઉમરશી | ડેમાઈ |
| ૫૮. અશોકકુમાર પોમલ | સિકંદ્રાબાદ |
| ૫૯. વિનોદભાઈ વલ્લભદાસ હેડાઉ | માંડવી |
| ૬૦. રાજેન્દ્ર ધનજી બુધ્ધભટ્ટી | લખપત |
| ૬૧. જમનાદાસ ઓધવજી પરમાર | સિકંદ્રાબાદ |
| ૬૨. ચીમનભાઈ વેલજીભાઈ સોની | વડોદરા |
| ૬૩. ભાનુબેન સત્યપ્રકાશ સોલંકી | બ્રિસ્ટોલ (ઈંગ્લેન્ડ) |
| ૬૪. પ્રવીણકાંત એ. ઠાકર | મિડલસેક્સ (ઈંગ્લેન્ડ) |
| ૬૫. છોટાલાલ બુધ્ધભટ્ટી | મસ્કત (યુ.એ.ઈ.) |

Printed & published by Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at Kankeshwari Offset, Raipur Darwaja, Bhutni Ambli, Ahmedabad-380 001. Published at Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Challa Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor :Shri Hansraj Kansara. Price : Rs. 20.00